Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

देवं श्रेणिकवत्प्रपूजय गुरुं वंदस्व गोविंदवत् ।
दानं शील तपः प्रसंगसुभगां चाभ्यस्य सद्भावनां ॥
श्रेयांसश्च सुदर्शनश्च भगवानाद्यः स चक्री यथा ।
धर्म्ये कर्मणि कामदेववदहो चेतश्चिरं स्थापय ॥ १ ॥

પુસ્તક ૩૪ મું. ] કાર્તિક-સંવત ૧૯૭૫. વીર સંવત ૨૪૪૫. [ અંક ૮ મો.

## मुग्ध मनने.

હે મનમોહી! ચાર કષાયે શું જોઇ મકલાય,
વિષયે મોહવિમોહિત થઇને ભવમાં શું ભરમાય. ૧
નયને જો આ વિશ્વરંગને ક્ષણક્ષણમાં પલટાય,
સાંસારિક સુખ સ્વપ્નસમાને શાને લોભિત થાય. ૨
ભવભટકનના ભયને ધારી ધર્મ ચિત્તમાં ધાર,
આત્મજ્ઞાનમાં લીન થવાને સમતાથી કર પ્યાર. ૩
ત્રિભુવનસ્વામી સુરનરસેવિત જિનેંદ્રને ઉર ધાર,
જેથી ભવભય ટળે સર્વ દુ:ખરહીત મળે શિવનાર. ૪

## श्री सद्गुरु चरणे.

યથાપિ નોકાસં,-યમ સુભગ સાહે ભવવને,[1]
ભવિકોદ્ધારાર્થે, દ્રવી પ્રકૃતિથી નાવિક બને;
સદા આત્તત્પાન્વે,—પણ હુલેસાં ગણ ધરે,
શમાવે દોષોર્મિ,-વિપ્લવ[2] તિલજાલોચન[3] ઝરે. ૧

૧ ભવરૂપી જળમાં. ૨ અતિચારરૂપી મોજાંઓનું વિઘ્ન. ૩ આલોચન-પશ્ચાત્તાપરૂપી તૈલનો ઝરો વહેવડાવીને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[૪]શ્રેયઃવૃક્ષ પ્રમોદદાયિ જનને, વિદ્યાવિનોદે વસે,
નેત્રેથી અવલોકતાં ભવિકનાં, ચિત્તો સદા ઉલ્લસે;
અર્હદ્દ્ધ્યાન ધરે સદા હૃદયમાં, સુજ્ઞો પ્રમોદે નમે,
એવા સદ્ગુરુનાં પદે નિત નમું, આત્માવિષે જે રમે. ૨

**સંઘવી કેશવલાલ નાગજીભાઇ—સાણંદ.**

# પ્રાસનો સદુપયોગ.

**( લેખક ભીખાભાઈ છગનલાલ શાહ. )**

( અનુસંધાન પૃષ્ટ ૧૬૩ થી. )

**શાર્દૂલ વિક્રીડિત છંદ.**

જે જે હોય અભક્ષ ભક્ષણ કરી, પોષીશ ના દેહને,
જે જે હોય અપેય પાન તજજે, એ વ્યર્થ વ્યામોહ છે;
ચાલુ કાળ કરાળ હાય સમજે, ફાટયું બધું આભ હા,
ક્યાં દેવાં થીંગડાં તથાપિ અરજી, કર્ત્તવ્યની સાફ આ. ૧૦

સોડા લેમન આઇસક્રીમ કુલફી, શું બૉટલો હૉટલે,
બબ્બો બેશજ વાહ વાહ પ્રસરી, થાકો હવે ટોટલે;
રૂડાં સેશીનતાન આદિ સઘળાં, જાણ્યું ન શાથી બને,
એવી ચીજ અનેક છેક ઉદરે, દીધો તજી ટેકને. ૧૧

હા! જે ખાંડ બિટાદિ કંદથી બને, ધોવાય છે લોહીથી,
જાણી છુપી ખવાય જૈન વરગે, કે'વાય ના કોઇથી;
થોડે જાણ્યા ઘણું વિવેક ધરીને, ગોતી બધી પોલને,
વીરા વીરતનુજ ખાંડ સમજી, શું નિત્ય વાગોલ રે. ૧૨

તેને ધન્ય ઉણોદરી અણુસણ, કે વૃત્તિસંક્ષેપથી,
ત્યાગે ભિન્ન રસો વ્રતો વિવિધથી, જિવ્હાતણા ચેપથી;
ન્હાસે દૂર ડરી ડરી તનતણી, રક્ષા કૈંડી યુક્તિથી,
સાધે સાધ્ય અસાધ્ય રીત વરતી, યુક્તિ પ્રયુક્તિ મથી. ૧૩

* * * *

નિંદા ને વિકથા વિના ન જપતી, જે જીભડી રાંડ એ,
વાળ્યે વાર હજાર રે ન વળતી, સૌ દાંડમાં સાંઢ એ:
બોલે બોલ ગલોલ તુલ્ય તજતી, છૂટા બહુ કાંકરા,
વાધે ક્લેશ હમેશ વૈર સજતી, ગુંચાળવા ઝાંખરા. ૧૪

[૪] જનને આનંદ આપનાર કલ્યાણના વૃક્ષ સમાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાઇ ! બાઇ બટુકડી પકડી લે, કાં મૌન કાં દૈન્યથી,
કાં આલંબન એકથી જકડી લે, કાં યુક્તિના સૈન્યથી;
વાણી જે નીકળેલ હોય મુખથી, પાછી નહિ પેસશે,
નાખે સાકર કાજ જો લવણ તો, ખારો શીરો તે થશે. ૧૫

શ્રી વિશ્વેશ જિનેશ નિત્ય જપવા, સ્તોત્રાદિ સન્માન રે,
ને શ્રી સદ્ગુરૂ સંત શુદ્ધ સતીનાં, ગાવાં યશોગાન રે;
વારંવાર વિચાર સાર ધરીને, ઉચ્ચારને કાઢજે,
નિંદા આત્મમલીનતાતણી કરી, અંથી સદા વાઢજે. ૧૬

* * * *

માતેલો ગજરાજ જે મદભર્યો, ડોલી ફરે ફાંકડો,
હા ! હા ! હાથણી પાસ ખાસ ધસતાં, ખાડે પડ્યો રાંકડો;
જે પૌરૂષસુધાબળે ઝટ મળે, દૈવી જીવિતવ્ય તે,
શાને કાજ ક્ષણિક સુખ વિષયે, ઢોળે સુહૃદ્ ભવ્ય હે. ૧૭

રોળાયો ગઢ લંક ભૂપ ભડ હા ! મંદોદરીનાથ ને,
કૂડા કીચક કૌરવો કઇ ગતિ, કૂટાય શ્યા માટ રે;
નારી પારકી માત બ્હેન ગણીને, દૃષ્ટિ ન સ્થાપે કદી,
ને નારી પરિણિત મિત રીતથી, જો સુખ ચાહે યદિ. ૧૮

* * * *

ઇંદ્રિ એક નિમગ્ન પ્રાણીની દશા, દારૂણ કેવી અહો,
ઇંદ્રિવર્ગ સમસ્ત જેહ વશ છે, તેની દશા શી કહો;
જાણી વાણી પ્રમાણિક પ્રથમથી, સંસ્કાર સારા લહો,
તે માટે સતસંગ રંગ રમજો, નિર્વિઘ્ન રાજી રહો. ૧૯

પંચેંદ્રિ હય પંચ દેહ રથમાં, મસ્તી બહુ આદરે,
દુર્બુદ્ધિ મન સારથી કુપથમાં, હાંકે મહા ખાડ રે;
સ્વામી ! આત્મ વિભુ પ્રમત્ત થઇને, સૂતા રહ્યાં શું હવે,
જાગો જ્ઞાન ક્રિયાંકુશ લહો, ઇષ્ટ સ્થળે પ્હોંચવે. ૨૦

હાથો બાથમબાથ ઘાત વધને, ચૌર્યાદિ કામે નહિ,
ના, ના, નારસ્તને ગલીચ રમતે, કે કૂટ લેખે નહિ;
ચોપાટાદિ વિનાપ્રયોજનતણા, ખોટી ખૂંચી ખેલમાં,
ના ચાલે ચટકે વિવિધ રીતની, સંજ્ઞા કૂડી ખેલ મા. ૨૧

પૂજા દેવ ગુરૂ મહંત જનની, આ હાથથી થાય છે,
ને જો હોય દીધેલ દ્રવ્ય વિધિએ, તો દાન દેવાય છે;
સારા લેખ લખાય બોધરસના, જો શારદા સ્હાય છે,
વ્હેવારે બસ સત્ય લેખ લખવા, તો હાથ સોહાય છે. ૨૨

* * * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના આ પાદ પ્રહાર પાતે કરવા, કે માર્ગ કૂડે જવા,
ધારી ધારી ડગે ડગે પદ ભરો, કે તીર્થયાત્રી થવા;
સારાં કાર્ય પરોપકાર કરવા, આ પાદથી વિહરો,
મારાં કાર્ય પરોપકાર કરતાં, આ પાદથી ઓસરો. ૨૩

* * * *

જો વાંકું મન માંકડું પજવતું, રૌદ્રાર્ત્તધ્યાને સદા,
તેને યુક્તિ પ્રયુક્તિથી મનવ તું, ધર્માદિ ધ્યાને મુદા;
બાંધી લે શુભ ભાવદોર કરીને, છુટું ન મુકે કદા,
તે શત્રુ થઇ મિત્ર કાર્ય કરશે, આનંદકારી તદા. ૨૪

* * * *

પામ્યો જે બળ તે નહિ સમજજે, રંજાડવા રાંકને,
પામ્યો બુદ્ધિ છલે નહિ ભજવજે, ઢંકાડવા વાંકને;
પામ્યો દેહ નિરોગી યોગ ધરજે, વિશ્વોપકારી સદા,
પામ્યો લક્ષ્મી લીલાવિલાસ હદમાં, દાતારી થાજે સદા. ૨૫
જે જે એહ મળેલ હોય તુજને, તેનું અભિમાન ના.
તે તેમાં નહિ હક્ક એક તુજનો, એવા અભિજ્ઞાનમાં;
રે'જે મસ્ત અનેક કાર્ય કરજે, જેના યશોગાનમાં,
રે'શે મસ્ત રૂડા કવિવર સદા, કાવ્યો તણા તાનમાં. ૨૬

# વિનય—વશીકારના બીજા અનેક પ્રકાર.

(લેખક—સન્મિત્ર કર્પૂરવિજયજી.)

આઠ પ્રકારે ગુરૂ જનોનો વિનય કરવો કહ્યો છે—

૧ તેમને આવતાં દેખી ઉભા થઇ જવું, ૨ તેમના સન્મુખ જવું, ૩ બે હાથ જોડી મસ્તકે લગાડી નમવું, ૪ બેસવા પોતાનું આસન આપવું—ઢોકવું, ૫ તેઓ બેઠા પછી પોતે બેસવું, ૬ ગુરૂમહારાજને વિધિપૂર્વક વંદન કરવું, ૭ તેમની ઉચિત સેવા ભકિત કરવી અને ૮ તેઓ નિવર્તે ત્યારે તેમને વોળાવવા જવું—એ રીતે આઠ પ્રકારનો વિનય કરવો.

વળી અરિહંતાદિક પૂજ્ય પદોનો પંચવિધ અનુકૂળ વિનય કરવો કહ્યો છે—

૧ તેમને નિર્દોષ અન્નપાનાદિકથી પડિલાભવા, સુખશાતા પૂછવી, ઔષધ-ભેષજ વિગેરેની જરૂર જણાય તે અવસરે ગવેષણાપૂર્વક આણી આપવું. વંદન કરવું. વિશ્રામણા (પગે ચાલતાં લાગેલો થાક દૂર કરવા જરૂર જણાય તો) કરવી. કૃતજ્ઞતાવડે પોતાનાથી બની શકે તે પૂજા—અર્ચના કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ તેમના અપાર ગુણોનું સ્મરણ કરી હૃદયમાં ઉલ્લસિત થવું–ગુણનું બહુમાન કરવું અને બની શકે તેટલું સદ્વર્તન–નમ્રતાદિક ધારીને તે તે ગુણનું અનુકરણ કરવા પ્રયત્ન સેવવો.

૩ તેમના સદ્દગુણોની મુક્તકંઠે પ્રશંસા કરવી, પોતે તેવા ગુણોનું સેવન કરવા બનતું લક્ષ રાખવું અને અન્ય જનો પણ એવા ઉત્તમ ગુણો આદરવા આકર્ષાય તેવી રીતે–નીતિ સેવવી.

૪ છદ્મસ્થતા યોગે તેમનાથી કાંઈ સ્ખલના થઇ જાય, ઉપયોગની ઓછી જાગૃતિથી કંઈ બોલવા ચાલવામાં ભૂલ પડી જાય તો તેથી એક બાળકની જેમ હસવું નહિં, તેમજ તેવી કોઇ નજીવી ભૂલને લઇ તે મહાશયોની હેલના–નિંદાદિક કરવી–કરાવવી નહિ; પણ તેવી ભૂલ જાણે પોતે જાણીજ ન હોય તેમ ગંભીરતા આદરી તેમના પ્રત્યેના પ્રેમ–ભક્તિમાં કશી ખામી આવવા દેવી નહિ; એટલુંજ નહિ પણ કોઇ અજ્ઞજનો બાળબુદ્ધિથી તેવા મહાશયનું કંઇ છિદ્રાદિક જોતા હોય તો તેમને સમજાવી ઠેકાણે પાડવા; પરંતુ તેની ઉપેક્ષા કરી પાપવૃદ્ધિ થવા દેવી નહિ. શક્તિ હોય તો તેનો યોગ્ય ઉપાય કરવોજ.

૫ જેમ જેમ પૂજ્યજનોનું દીલ પ્રસન્ન થાય તેમ સ્વયં વર્તવું અને અન્ય આજ્ઞાકારી જનોને વર્તાવવા. વીતરાગ પરમાત્મા કે તેવી ઉત્તમદશાને ધારણ કરનારા નિઃસ્પૃહી જનો જોકે માન અપમાનમાં કે નિંદાસ્તુતિમાં રાગદ્વેષાદિક વિકારના વિરહે લેપાતા નથી–સમભાવે રહે છે, તેમ છતાં જે કોઇ ભક્તજનો શુદ્ધ ભક્તિ ભાવે તેમનો વિનય સાચવે છે તેમને તે કલ્પવૃક્ષની જેમ ફળદાયી નીવડે છે અને જે કોઈ બાળ–અજ્ઞાન જીવો તેમનો અનાદર કરે છે, હેલના નિંદા કે મશ્કરી કરે છે અથવા બીજી કોઇ રીતે તેની આશાતના ( આજ્ઞા–આશય વિરૂદ્ધ ) કરે–કરાવે છે તેમને તે અનેક રીતે ઉભય લોકમાં દુઃખદાયી થાય છે એમ જાણી તેમનું આરાધનજ યથાશક્તિ કરવું. ઇતિશમ્.

# मोक्षोपाय.

( લેખક–મુ૦ ક૦ વિ૦ )

## વાસ્તવિક સુખ પ્રાપ્તિનો રાજમાર્ગ.

" जत्थ य विसयविरागो, कसायचाओ गुणेसु अणुरागो;
किरियासु अप्पमाओ, सो धम्मो सिवसुहोवाओ "

જેમાં પાંચે ઇન્દ્રિયો સંબંધી ( શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શરૂપ ) વિષય સુખથકી વૈરાગ્ય–વિરક્તતા જાગે, ક્રોધાદિક ચારે કષાયોનો ત્યાગ કરવામાં આવે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદ્ગુણો પ્રત્યે પ્રેમ પ્રગટે અને ક્રિયાકાંડ કરવામાં પ્રમાદ રહિતપણે પ્રવર્તવામાં આવે તો ધર્મ, શિવસુખ પ્રાપ્તિનો–શાશ્વત એવા મોક્ષસુખમાં ભળવાનો સરલ ઉપાય છે.

" સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ " —તત્ત્વાર્થશ્રદ્ધાન, તત્ત્વજ્ઞાન અને તત્ત્વઆચરણ ( તત્ત્વરમણતા ) એ ત્રણેની સમુદિત સહાયથી શિવસુખ પ્રાપ્ત થઈ શકે છે. એક એક જુદા અસહાય છતાં તે મોક્ષસુખ આપી શકતાં નથી; પરંતુ સાથે મળેલાં એ ત્રણેવડે શાશ્વતસુખ મળે છેજ. સમ્યગ્દર્શન--સમ્યક્ત્વવડે આત્માના ગુણોની દઢ પ્રતીતિ થાય છે, એથી સ્વોન્નતિનો પાયો નંખાય છે. સમ્યગ્જ્ઞાનવડે ઉકત દર્શનાદિક આત્મગુણોનું યથાર્થ ભાન થવા ઉપરાન્ત તેમાં નિશ્ચળતા થવા પામે છે, અને સદાચરણ–સદ્વર્તનરૂપ ચારિત્રવડે અનેક દોષ–વિકારોનો વિનાશ થવા ઉપરાન્ત આત્મવિભૂતિ–સુખસંપદા પ્રગટ થાય છે, અપ્રમાદ–પુરૂષાર્થવડે ઉક્ત સકળ ગુણોની રક્ષા અને પુષ્ટિ થવા પામે છે. અને છેવટે તેમાં રહેલી અપૂર્ણતા ટળી સંપૂર્ણતા પ્રગટે છે. એ રીતે આત્મવિભુતિ–આત્મશકિત ખીલવવા ઉકત ત્રણે ગુણોનું સેવન કરવા એક બીજાની અપેક્ષા રહેલી છે. એકલું જ્ઞાન તથાપ્રકારની કરણી વગરનું લુલું છે, ત્યારે એકલી ક્રિયા તથા પ્રકારના (યથાર્થ) જ્ઞાન વગરની આંધળી જડ જેવી છે. તેથીજ મોક્ષાર્થી જનો ઉક્ત ઉભયનું સાથેજ આરાધન કરવા ઇચ્છે છે.

" ज्ञानस्य फलं विरतिः "–એ શાસ્ત્રવચનથી તેનો કાર્ય કારણ સંબંધ પ્રતીત થાય છે. જો જ્ઞાન યથાર્થજ હોય અને તે આત્મામાં રસ–અમૃત રૂપે પરિણમેલ હોય તો તેથી વૈરાગ્ય–સંયમ–ચારિત્રરૂપ ફળ કાળે કરી પ્રભવેછેજ. એમ સમજી સુજ્ઞ જનોએ ઉભયમાંના એકેનો અનાદર કરવો ઘટતો નથી. કેમકે બે ચક્રવડેજ રથ ચાલે છે.

ઇતિશમ્.

## प्रश्नोत्तर रुपे बोध संवाद.

( લે૦ સન્મિત્ર કર્પૂરવિજય. )

લાવણી–( સુણ સજ્જન સંધ્યા સમયે સેલને સારૂ–એ રાગ. )

રમણ—સુણ બાંધવ મારા પ્રશ્ન એક છે મારો,
છે સર્વ ધર્મ પણ કયો ધર્મ બહુ સારો ?
સુબુદ્ધિ—વાહ ! મિત્ર તને છે ધન્ય પ્રશ્ન એ પ્યારો,
પૂછયાનો વખત પણ ધન્ય ધન્ય અવતારો.
મેં સાંભળ્યું સદ્‌ગુરૂ મુખે ધર્મ વ્યાખ્યાને,
અતિ ન્યાય નીતિ ભરપૂર કહ્યો ભગવાને;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્યાદ્વાદામૃત અનેકાન્ત નયે સુખકારી,
તે જૈનધર્મ છે શ્રેષ્ઠ જાઉં બલીહારી.
જયાં દયા સત્ય ઉપયોગ વસ્તુ સ્વસ્વભાવે,
છે વિનયમૂળ જેથી શિવ સંપત્તિ પાવે;

**રમણ**—કહીએ સુદેવ કહેને કઇ મુદ્રાએ ?

**સુબુદ્ધિ**—જિનવર દેવાધિદેવ શાંત મુદ્રાએ.

**રમણ**—ગુણુ કોણુ ?

**સુબુદ્ધિ**—તત્ત્વ અધિગત નિજ પરહિતકારી,

**રમણ**—પ્રભુ પૂજા શું ?

**સુબુદ્ધિ**—તેહ તો સદ્દગુરૂ ભાખે, પાપાશ્રવ બંધનો ત્યાગ જે આતમ સાખે.
વળી દ્રવ્યભાવથી સંવરથી સ્થિર થાતાં, સહુ કર્મ નિર્જરી સત્વર
શિવપુર જાતાં;

**શ્રોતાઓ**--વાહ ધન્ય ધન્ય છે સદ્દગુરૂ મુનિ મહારાજા,
વ્યાખ્યાન સુણાવી કરે બાળકો તાજા,
ભાઈ હવે આપણે નિત્ય વખાણે જઇશું,
જિનવાણી ભાવે સુણીને નિર્મળ થઇશું.

( સૂચના )---ઉપરનો સંવાદ દરેક જૈન પાઠશાળાના શિક્ષકોએ વિદ્યાર્થીઓને મુખપાઠ કરાવી અર્થ સમજાવવો, જેથી ગમત સાથે જ્ઞાન થશે. વળી દરેક પાઠશાળાઓની વાર્ષિક પરીક્ષા થયા પછી થોડા દીવસમાં ઈનામનો મેળાવડો વિદ્વાન માણસોના પ્રમુખપણા નીચે ભરવો ને વાર્ષિક આવકજાવકનો રીપોર્ટ બહાર પાડવો. ઇનામ વહેંચવા અગાઉ છોકરા તથા છોકરીઓને પૂજ્ય મુનિમહારાજાઓના બનાવેલાં બોધદાયક ગાયનો અને સંવાદો તૈયાર કરાવેલા હોય તો તે વખતે કરાવવા, જેથી સભામાં છોકરાઓને બોલવાની છુટ થાય. વળી ગમત સાથે જ્ઞાન મળે અને ભણવાનો ઉત્સાહ વધે. બીજા પણ અનેક લાભો થાય. આટલું મને અનુભવગમ્ય હોવાથી દરેક પાઠશાળાને લાભ થશે એમ વિચારી લખવું ઉચિત ધાર્યું છે.

**પોપટલાલ સાકળચંદ શાહ.**
જૈન પાઠશાળાના ધાર્મિક શિક્ષક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અકબરના સમયમાં જૈનોની સત્તા.

[ મી. વીન્સેન્ટ એ. સ્મીથ. ( એમ. એ. ) સાહેબે " અકબર " ના સમય ઉપર એક મોટી ઇતિહાસની ૫૦૦ પાનાની બુક લખી છે. તે વિદ્વાન્ ઇતિહાસકારે અકબરના સમયમાં તેની સભ્યરાજ્યમાં આવનારાઓનો ઇતિહાસ તથા તેઓની અકબર ઉપર કેવી સત્તા ચાલતી હતી તે બાબતની વિગતો વિસ્તારથી લખી છે. " અકબર ઉપર જૈનોની કેવી સત્તા હતી " તે બાબત ઉપર લખતાં તે સાહેબે એક ઉપયોગી અને નોંધવા લાયક નોટ લખી છે. તે ઇતિહાસના અભ્યાસીઓને તથા અન્ય શાસનરસિકોને પણ લક્ષ્યપૂર્વક વાંચવા જેવી હોવાથી અમે તેનું ભાષાંતર આ નીચે પ્રકટ કર્યું છે. તંત્રી. ]

અકબરના વિચારો અને તેની રાજ્યનીતિ ઉપર જૈનગુરૂઓએ જે સામર્થ્ય ચલાવ્યું છે તેની ઘણા ઇતિહાસકારોએ બીલકુલ નોંધ લીધી નથી. ઇતિહાસકારો એલ્ફીન્સ્ટન, નોએર, અથવા માલેસનના બનાવેલા ઇતિહાસોનાં ગ્રંથો વાંચનારાઓમાંથી કોઇના પણ ધ્યાનમાં નથી આવ્યું કે જૈનોના પવિત્ર પુરૂષોનાં વ્યાખ્યાનો—તેમણે કહેલાં કથનો અકબર બહુ લક્ષપૂર્વક સાંભળતો, અને તે ગુરૂઓની તેના ઉપર એટલી સત્તા હતી કે જૈનલેખકોએ પોતાના ધર્મના અનુયાયી તરીકે તેને ગણેલો છે, અને ઇ. સ. ૧૫૮૨ પછીના તેનાં ઘણાખરાં કાર્યોમાં જૈનશિક્ષણના—તેના અમુક અંશના સ્વીકારના સીધા પરિણામો દેખાય છે. તે સાલ પછીનાં તેનાં ઘણાખરા કાર્યોમાં જૈનશિક્ષણના સ્વીકારથી મળેલો અનુભવ પ્રત્યક્ષ રીતે પ્રદર્શિત થાય છે. બ્લોકમેન, જે પ્રખ્યાત ઇતિહાસકાર થઇ ગયેલ છે, તે પણ જોઇ શકયો નહીં કે તે વખતના અકબરના સમયના વિદ્વાન્ પુરૂષોની જે મોટી નામાવળી અબુલફઝલના લીસ્ટમાં આપેલી છે તેમાંના ત્રણ નામો તે પ્રખ્યાત જૈનગુરૂઓ—જૈનના ધાર્મિક પ્રણેતાઓના હતા; જેમનાં નામો અબુલ-ફઝલે તેની સુવિખ્યાત બુક આઇન. ઇ. અકબરી ( અકબરનો ઇતિહાસ ) માં આપેલા છે. તે ત્રણ નામો તે હીરવિજયસૂરિ, વિજયસેનસૂરિ અને ભાનુચંદ્ર ઉપાધ્યાય છે. આ ત્રણમાં સૌથી પ્રથમ જેનું નામ છે તેઓ ઘણાજ પ્રખ્યાત બુદ્ધિકૌશલ્યવાળા હતા. જેમને અકબરને જૈનધર્માનુસારી કરવાનું માન જૈન ગ્રંથકારો આપે છે તેઓનું—મહાત્મા હીરવિજયસૂરિનું—નામ જે પાંચ વર્ગો અબુલફઝલે ધાર્મિક શિક્ષકોના પાડ્યા છે તે પાંચ વર્ગમાંથી પહેલા વર્ગમાં શેખ મુબારક ( જે મોટો પ્રખ્યાત મુસલમાન ધાર્મિક શિક્ષક થઇ ગયો છે ) ની સાથે આપેલું છે. આ પહેલા વર્ગમાં ફક્ત વીશ નામો મૂકવામાં આવ્યા છે. જે માણસોને બંને દુનિયાના—આ લોક અને પરલોકના ગુપ્ત રહસ્યોની સમજણ પડતી હતી—તે રહસ્યોનું જેને જ્ઞાન હતું—તે રહસ્યો જે સ્પષ્ટપણે કહી શકતા હતા અને બતાવી શકતા હતા તેવા માણસોનાં નામો આ પહેલા વર્ગના લીસ્ટમાં આપેલાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇ. સ. ૧૫૮૨ માં જ્યારે અકબર શહેનશાહ કાબુલથી પાછા ફર્યા ત્યારપછી હીરવિજયસૂરિના ગુણો અને વિદ્વત્તાની ખ્યાતિ તેણે સાંભળી, અને પોતાની દરબારમાં માનસહિત તેમને મોકલવાનો ગુજરાતના તે વખતના સુબાને તેણે હુકમ કર્યો. રાજ્યપ્રતિનિધિના આદેશથી બાદશાહના આમંત્રણને માન આપી તે પવિત્ર પુરૂષ પ્રથમ અમદાવાદ આવ્યા, શહેનશાહના પ્રતિનિધિની મુલાકાત લીધી, અને પોતાના સ્વીકૃત ધર્મની શોભા માટે-શાસનના લાભ માટે બાદશાહી આમંત્રણ સ્વીકારવાનું નકી કર્યું. તેમના આમંત્રણના સ્વીકારને લીધે દીલ્હી જવા માટે જે જે બાદશાહી ભેટો-બાદશાહી સગવડો કરી આપવાનું તે સુબાએ નિવેદન કર્યું, તે સર્વની તેમણે સ્પષ્ટ ના પાડી, અને પોતાના ધર્મના નિયમાનુસાર ફત્તેહપુર-સીક્રી કે જ્યાં તે વખતે અકબરશાહ રહેતા હતા ત્યાં પગે ચાલીનેજ જવાનું તેમણે સ્વીકાર્યું. તેમની સ્થિતિનો કોઈ પણ માણસ-દીક્ષા સ્વીકારેલ કોઇ યતિ ( મુનિ ) જો વાહનમાં બેસે તો જૈનધર્મના નિયમાનુસાર તેને ગચ્છ બહારની શિક્ષા થાય તેવો તે ધર્મનો સખત નિયમ હતો.

થાકી ગયેલ-રસ્તાની મુસાફરીથી શ્રમિત થયેલ તે વિદ્વાન્ મુસાફર ( આચાર્ય ) ને બાદશાહી ઠાઠમાઠ અને આડંબરથી વધાવી લેવામાં આવ્યા, અને જ્યાં સુધી બાદશાહને તેમની સાથે વાતચિત કરવાની ફુરસદ ન મળે ત્યાંસુધીને માટે તે વિદ્વાન્ પરોણાને અબુલફઝલની સંભાળ નીચે મૂકવામાં આવ્યા.[1] પ્રથમ અબુલફઝલ સાથે અને પછી અકબર બાદશાહ સાથે જૈનધર્મ અને તેની ફીલોસોફી માટે ઘણી વાતચિત અને ચર્ચા થયા પછી તે સૂરીશ્વરે આગ્રાની મુલાકાત લીધી. વર્ષાઋતુનો-ચોમાસાનો સમય પૂર્ણ થયા પછી તે મહાત્મા પાછા ફત્તેહપુર-સીક્રી આવ્યા, અને અમુક તહેવારોના દિવસોમાં કેદીઓને છોડી મૂકવાની, પાંજરામાં પૂરેલા પક્ષીઓને છુટા કરવાની, અને પશુઓનો વધ થતો અટકાવવાની સમજુતી બાદશાહને આપી. બાદશાહે તે તે દિવસો માટે તેવા હુકમો બહાર પાડ્યા. આ હુકમો બહાર પડ્યા તે પછીની સાલમાં, એટલે કે ઈ. સ. ૧૫૮૩ માં તે હુકમો વધારે લંબાવવામાં આવ્યા. શહેનશાહના આખા રાજ્ય ઉપર તેનો અમલ કરવામાં આવ્યો, અને જેઓ તે હુકમોનો અનાદર કરે તેમને કેદખાનાની અને દેહાંતદંડની પણ સજા કરવાના હુકમ કાઢ્યા. અકબરને શીકારનો બહુ શોખ હતો, અને માછી મારવાની બહુ ટેવ હતી, છતાં સૂરીશ્વરના

૧ અબુલ-ફઝલે શ્વેતાંબર જૈનોના ધર્મ સિદ્ધાંતોનો બહુ બારીકીથી અભ્યાસ કર્યો હતો, પણ દિગંબરોના સહવાસમાં નહિ આવેલ હોવાથી તેના સિદ્ધાંતોની તે સંતોષકારક માહીતી મેળવી શક્યો નહોતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારથી શીકાર કરવાનો તેણે ત્યાગ કરી દીધો, અને માછલાં મારવા બંધ કર્યા. ત્યારપછી તે સૂરિને તેણે જગદ્-ગુરૂ એટલે કે સકલ સૃષ્ટિના શિક્ષક એવું બિરૂદ આપ્યું, અને તે સૂરિ ઇ. સ. ૧૫૮૪ માં આગ્રા અને અલ્હાબાદને રસ્તે ગુજરાતમાં પાછા ફર્યા. ત્રણ વરસ પછી હિંદુઓ ઉપરનો બહુ હલકાઈ દેખાડનારો જઝીઆવેરો બંધ કરવાનો હુકમ અકબરે બહાર પાડ્યો, અને આખા વરસમાં લગભગ છ મહિના જીવહિંસા ન થાય તેવી જાતનો તેણે બંદોબસ્ત કર્યો. જુદા જુદા દિવસો ગણતાં આ દિવસોનો સરવાળો છ માસ થાય છે.[1] તેટલા લાંબા વખત સુધી આખા વરસમાં કોઈ પણ સ્થળે હિંસા ન થાય તેવી જાતના અકબરે હુકમો બહાર પાડ્યા. આ દરમિયાન શ્રી હીરવિજયસૂરિના ગુરૂભાઈ-**ભાનુચંદ્ર ઉપાધ્યાય** અકબરની રાજકચેરીમાં આવી અકબરને ઉપદેશ કરવા માટે ત્યાં રહેલા હતા. ઇ. સ. ૧૫૯૩ માં **સિદ્ધિચંદ્રસૂરિ**, કે જેઓએ લાહોરમાં અકબરશાહની મુલાકાત લીધી હતી, તેમને પણ તેમના ઉપદેશથી રાજી થયેલા બાદશાહે તે માનવંતો ખેતાબ એનાયત કર્યો, અને તેમના ધર્મનાં પવિત્ર યાત્રાનાં સ્થળો ઉપર તેમને સંપૂર્ણ હક્ક બક્ષ્યા. શત્રુંજય તીર્થની યાત્રા કરવા જતાં યાત્રાળુ ઉપર લેવાતો કર પણ તે વખતે માફ કરવામાં આવ્યો. કાઠિયાવાડમાં આવેલા પાલીતાણા નજીકની શત્રુંજય નામની પવિત્ર ટેકરી ઉપર આવેલ આદીશ્વર ભગવાનનું મંદિર, કે જેની હીરવિજયસૂરિએ ઇ. સ. ૧૫૯૦ માં મુલાકાત લીધી હતી, તે મંદિરમાં તેની દીવાલ ઉપર એક અતિશય લાંબો સંસ્કૃત શીલાલેખ કોતરવામાં આવેલ છે, જે હજુ પણ તે સ્થળે તેવીજ રીતે કોતરેલો રહેલો છે. આ શિલાલેખમાં મહાત્મા હીરવિજયસૂરિ અને અકબર બાદશાહના ગુણોની, તેમના સંબંધની વિગતો લખેલી છે, અને બાદશાહની ઉદારતાનો વિસ્તારથી હેવાલ તેમાં આળેખવામાં આવેલો છે.

ઈ. સ. ૧૫૯૨ માં હીરવિજયસૂરિએ કાળ કર્યો. જૈનોના રિવાજ પ્રમાણે અણુસણ કરી તેમણે દેહોત્સર્ગ કર્યો. જે સ્થળે તેમને અગ્નિદાહ કરવામાં આવ્યો છે તે સ્થળે, ઉના ( ઉન્નતપુર ) માં તે મહાત્માની યાદગીરી કાયમ રાખવા એક ઘુમટવાળો સ્મરણસ્તંભ ( દેરી ) ઉભો કરવામાં આવ્યો છે.

લગભગ માંસ ખાવાનો અકબરે સંપૂર્ણાંશે જે ત્યાગ કર્યો હતો, તથા અશોકરાજાની જેવા પશુવધને અટકાવવાના જે બહુ સખત અને શિક્ષાસૂચક કાયદાઓ અકબરે કર્યા હતા તે જૈન ગુરૂઓના ઉપદેશને-તેમના લાંબા પરિચયને અને તેમની સાથેની વાતચિતને અવલંબીનેજ તેમની સૂચનાનુસાર કરવામાં આવ્યા હતા. એક સામાન્ય પશુને મારવા માટે મનુષ્ય પ્રાણી ઉપર દેહાંતદંડની સજા ફરમાવ-

૧ તે દિવસો આ પ્રમાણે છેઃ-અકબરનો જન્મમાસ, હીરવિજયસૂરિનો જન્મમાસ, રમઝાન મહીનો, ઈદના બધા દિવસો, પર્યુષણના એકંદર ૧૨ દિવસો વિગેરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વામાં આવે તે અત્યારે આપણી ( યુરોપીયનોની ) દૃષ્ટિએ બહુજ અન્યાયયુક્ત અને અસંગત-મૂર્ખાઇ ભરેલું દેખાય છે, પણ બુદ્ધ અને જૈન રાજાઓના સમયમાં તેવાજ કાયદાઓ હિંદુસ્તાનમાં કરવામાં આવ્યા હતા. અકબરનો આ કાયદો પણ તેને મળતોજ છે. અકબરની તે સમયની પ્રજા, અને ખાસ કરીને મુસલમાન પ્રજાને આ કાયદાની ઘણી મુશ્કેલીઓ સહન કરવી પડી હશે. જૈનાચાર્યો-જૈન મહંતોની અકબરના સમયમાં આ પ્રમાણે સત્તા ચાલતી હતી તે ઐતિહાસિક દૃષ્ટિએ બહુ ઉપયોગી બાબત છે.

**ને. ગી. કાપડીઆ.**
(અનુવાદક)

# उपदेश सप्ततिका–भाषा अनुवाद.

( અનુવાદક—સન્મિત્ર કર્પૂરવિજયજી )

( અનુસંધાન પૃષ્ઠ ૧૬૬ થી )

૩૬ જેનાવડે સ્વજન વર્ગમાં વિરોધ થાય અને રાજ્ય તથા ધન મેળવવાનો મોહ વધે તેમજ જે પાપરૂપી વૃક્ષના અંકુર જેવો છે તેવો વિષમ લોભ સાધુજનોએ સેવવો જોઇએ નહિ.

૩૭ જે વચન સાંભળીને સામા જીવને દુઃખ થાય એવું તીખું-આકરૂં-કડવું વચન બોલવુંજ નહિ. વળી આ લોક તથા પરલોક વિરૂદ્ધ કાર્ય જે સર્વ કોઇએ વારેલું-નિષેધેલું હોય તે કદાપિ કરવું નહિ.

૩૮ દ્રવ્ય-સ્વસ્થિતિ અનુસારે વેષ-પોશાક રાખવો. પરાયા ઘરમાં પ્રસ્તાવ વગર પ્રવેશ નજ કરવો, સજ્જન અથવા દુર્જનનો પટાંતર જાણવો-સમજવો, પરંતુ તેનો લેશમાત્ર દોષ બોલવો-ગાવો નહિજ.

૩૯ જ્ઞાનદાતા એવા ગુરૂની ભક્તિ હૃદયમાં ધરીને, વિનય બહુમાન સાચવીને તત્ત્વજ્ઞાની મુનિએ શાસ્ત્ર-જ્ઞાન શીખવું, તેનો અર્થ-પરમાર્થ સ્વમતિવડે સારી રીતે વિચારવો અને ક્ષમાદિક દશવિધ યતિધર્મને સારી રીતે અભ્યાસવો.

૪૦ હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય અને દુગંચ્છાને તજવાં અને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અસંગત તથા રાત્રીભોજન વિરમણરૂપ વ્રતોને ભજવાં. મદ્ય, વિષય, કષાય, નિદ્રા, આલસ્ય અને વિકથારૂપ પ્રમાદને વારવા તથા દાન, લાભ, વીર્ય, ભોગ અને ઉપભોગરૂપ પાંચ અંતરાયોને પોતાનામાંથી દૂર કરવાં.

૪૧ સ્વધર્મી બંધુઓને બહુ માન આપવું તેમજ તેને ભકિતથી અન્ન પાનાદિક આપવું. તે બદલે કોઇ પણ જાતનું નિયાણુ ન કરવું. નિષ્કામ-નિઃસ્વાર્થપણે દાનાદિક ધર્મકૃત્ય કરવાં, જેથી પુન્યપ્રાપ્તિ થઇ શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૨ સર્વ જીવોની અહિંસા-દયા એ પરમ ધર્મ છે અને તેમનો વિનાશ કરવો એ પરમ અધર્મ છે, એમ સમજી આત્મઉન્નતિ થવામાં અતિ અંતરાયકારી એવો પ્રાણીઘાત અવશ્યમેવ તજી દેવો. ( અને કોમળ પરિણામ રાખવા ).

૪૩ ક્રોધ, લોભ, ભય, હાસ્ય, રાગ અને મચ્છરવડે મૃષાવાદ નજ બોલવું કે જેથી લોકનો વિશ્વાસ ઉડી જાય.

૪૪ નીચ જનોએ જે આદર્યું-સ્વીકાર્યું હોય એવું ચોરીનું ધન શાણા માણસે ગ્રહણ કરવું નહિ. કેમકે તેનો આદર કરવાથી આ લોકમાં તત્કાળ દુ:ખ પ્રાપ્ત થાય છે અને સુખ તો કદાપિ પ્રાપ્ત થતું જ નથી.

૪૫ જે પરસ્ત્રીને સ્વમાતા સમાન લેખે છે તેનો લોકાપવાદ સર્વથા થતોજ નથી; પરંતુ જે મૂઢ જનો પરસ્ત્રીમાં ( રાવણની પેરે ) લુબ્ધ થયા હોય તે તો આ-લોકમાંજ-આ જન્મમાંજ જોતજોતામાં દુ:ખના ભાગી થાય છે.

૪૬ જેઓ મોહ-અજ્ઞાનવશ અતિ દુ:ખદાયક ( સંક્લેશકારક ) ધન ધાન્યાદિક પરિગ્રહનો સંચય કર્યા કરે છે તેમને જગતમાં સુખ ક્યાંથીજ હોય ? ન હોય. અને મહા દુ:ખ તો સદાય તેમને લાગ્યાં રહ્યાં જ હોય છે.

## " ઇંદ્રિયનિગ્રહ. "

૪૭ મધુર (ઇષ્ટ) કે અનિષ્ટ (કટુક) શબ્દ સાંભળીને ચિત્ત રાગદ્વેષાકુળ નજ કરવું; કેમકે સદા ગીત-ગાનના રસમાં રસિક બનેલો મૃગલો અકાળ મૃત્યુ પામી અત્યંત દુ:ખી થાય છે.

૪૮ રમણી (સ્ત્રી) નું રૂપ જોઇને મનમાં કદાપિ પ્રેમ-રાગ કરીશ નહિ, કારણકે પતંગ દીવાની શિખા મધ્યે પડે છે અને તેના રૂપમાં આસક્ત બન્યો છતો બળી જળીને ખાખ થઈ જાય છે.

૪૯ જળમાં મચ્છ રસના ( જિહ્વા ) રસવડે લોભાયો, મૂર્છાયો છતો ભયને ગણતો નથી; તે રસના દોષથી તેનું તાળવું વીંધાઇ જાય છે. એ રીતે રસગૃદ્ધિ પરમ દુ:ખનું સ્થાન કહ્યું છે.

૫૦ હાથીના કુંભસ્થળના મદ-ગંધમાં લુબ્ધ થયેલો ભમરો ઘ્રાણ-વાસના ઇન્દ્રિયના રસવડે ગૃદ્ધ-આસક્ત બની, હાહાઇતિ ખેદે ! વ્યર્થ મૃત્યુવશ થાય છે, એમ સમજી કોણ સહૃદય ગંધગૃદ્ધિ કરવા ઇચ્છશે ?

૫૧ જે મુગ્ધમતિ ( મૂઢાત્મા ) સ્પર્શનેંદ્રિયને ( નિજ કાયાને ) વશ રાખતો નથી, તે કામવશ મદોન્મત્ત થયેલો અજ્ઞાન હાથી જેમ પોતાના આત્માને મહા સંકટમાં નાંખે છે તેમ વધ બંધનાદિક મહાકષ્ટને પામે છે-અનુભવે છે.

૫૨ એક એક પણ ઉદય પામેલા વિષયમાં આસક્ત થઇ જવાથી તે બેસુમાર દુ:ખ આપે છે, તો જે કોઇ ઉક્ત પાંચે વિષયોમાં સર્વથા ગૃદ્ધ-આસક્ત બની ગયા હોય તે બાપડાઓની શુભ ગતિ શી રીતે થાય ? નજ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૩ ઉક્ત શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શરૂપ પાંચ વિષયો વિષ કરતાં પણ અતિ વિષમ છે, કેમકે તેનું સેવન કરવાથી પરિણામે મહાવિષાદ પેદા થાય છે અને લોક પરવશ બની નિઃસત્ત્વ થાય છે, તેથી રસાસક્તિ-રસગૃદ્ધતા તજી દેવી જોઈએ, કે જેથી પરવશ થઈ દુઃખી થવું ન પડે.

"જિનઆજ્ઞા આરાધન."

૫૪ જે કોઇ પ્રાજ્ઞજનો મનનો મેલ મૂકીને ( અહંકાર તજીને ) તીર્થંકર દેવની આજ્ઞા પ્રમાણે કરે છે તેમનું સમસ્ત ક્રિયાવિધાન તેમને હજારો જાતના દુઃખમાંથી રક્ષણ કરનારૂં થઇ પડે છે.

૫૫ અત્યંત પાપનો ઉદય જે થકી થાય એવા સંસારભ્રમણથી જે ભવ્યાત્માઓ ભય પામે છે તે ભવભીરૂ ભવ્યજનોને સુખપ્રાપ્તિનો ઉપાય સુલભ જ છે. તેમને ભવભ્રમણ કરવું પડતું નથી. પાપભીરૂ પુરૂષ પ્રાયઃ સંસારકૂપમાં પડતો જ નથી.

૫૬ ધન્ય, ધાન્ય, રત્ન, સુવર્ણ, રૂપ, યૌવનાદિક અન્ય જે કંઇ પ્રાપ્ત થયું છે તે સઘળું ખરેખર વિજળીના ઝબકારા જેવું અસ્થિર છે એમ સમજી અહો ભવ્યજનો! સ્વહૃદયમાં વિવેક ધારણ કરો.

૫૭ પુત્ર, સ્ત્રી, બાંધવ, મિત્ર અને સ્વજન એકચિત્ત છતાં પાપવશાત્ અવસાન વખતે એમાંના કોઇ પણ રક્ષણ કરવાને સમર્થ થઇ શકતા નથી.

૫૮ જેમના મનમાં પાપ મતિ પેઠી છે અને જેમની નિર્વાહ ( આજીવિકા )-વૃત્તિ પાપકર્મવડે સંક્લેશવાળી છે તે દુષ્ટ જનો કદાપિ હર્ષ-સંતોષને પામતાજ નથી, પરંતુ સર્વત્ર દુઃખ-સંતાપનેજ પામે છે.

૫૯ જિનચૈત્ય, સંઘ, અને ધર્માચાર્યાદિકની ગુણસ્તુતિ ( પ્રશંસા ) કરનારા ભવ્યજનો સુલભબોધી થાય છે, એટલે ભવાન્તરમાં સુખે ધર્મ પ્રાપ્તિ કરી શકે છે, પરંતુ તેમના અવર્ણવાદ ( નિંદા ) કરનારા તો દુર્લભબોધીજ થાય છે, એટલે ધર્મની પ્રાપ્તિ તેમને તો દુર્લભ્ય થાય છે.

૬૦ અજ્ઞાનતા દોષને પરતંત્ર થઇ જવાથી પાપકર્મ કરનારા પ્રાણીઓ કંઇ પણ તત્ત્વ-પરમાર્થ જાણતા નથી, અને દુઃખ દારિદ્રવડે દીન એવા તે આલોકમાં તેમજ પરલોકમાં સુખથી દૂરજ રહે છે.

૬૧ પુણ્યોદયવડે જેનો સમ્યગ્જ્ઞાન રૂપી દીવો અત્યંત પ્રદીપ્ત થયો છે એવો કોઇ ભવ્યાત્મા મોહઅંધકારના પ્રસારને છેદી ભેદીને, પ્રયત્નથી નિર્વાણ મોક્ષમાર્ગને અવલોકે છે.

૬૨ તે મોક્ષમાર્ગમાં ચાલતાં ભવ્યાત્માઓને મહા બળવંત ક્રોધાદિક અનેક શત્રુઓ સ્પષ્ટતયા અંતરાય કરે છે, અને પુન્યરૂપી ધર્મધનને છળ-બળથી હરી લે છે. કોઇકજ સ્વબળથી તેમને જીતી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬૩ અનેક પાપકર્મને નિ:શંકપણે સેવનારા, સર્વજ્ઞદેશિત ધર્મને નહિ જાણનારા અને અજ્ઞાનકષ્ટ કરી મનમાં અહંકાર લાવનારા પાપી જનો પોતાના આત્માને નરક–કૂપમાં નાંખે છે.

" મદ ત્યાગ "

૬૪–૬૫ સુજ્ઞ જનોએ હૃદયમાં જાતિ સંબંધી ગર્વ ન કરવો, તેમજ કુળ અભિમાન પણ ન કરવું, રૂપ અને નવું અપૂર્વ ઐશ્વર્ય પામીને તેનું ગુમાન ન કરવું, હું જ જગત્‌માં બળવાન્, તપસ્વી, શ્રુતાધિક ( અધિક જ્ઞાની ) અથવા યશસ્વી છું એમ ન ધારવું; વળી રાજ્યસમૃદ્ધિનો લાભ થયે છતે હરખાઇ ન જવું તથા પોતાનો ઉત્કર્ષ પણ નજ કરવો.

૬૬ એક વાળના અગ્ર ભાગ જેટલું જગત્‌માં એવું સ્થળ નથી કે જ્યાં આ જીવ પાપલેશ્યાયુક્ત ઉત્પન્ન થયો ન હોય; પરંતુ તે ક્યાંય લગારે સુખ–શાન્તિ પામ્યો નહિ.

" મનુષ્ય ભવની દુર્લભતા "

૬૭ અતિ દુર્લભ એવું મનુષ્યપણું, પવિત્ર ઉત્તમ કુળ, તથા આર્ય ક્ષેત્ર પામીને, અને સદ્‌ગુરૂએ કહેલું તત્ત્વવચન શ્રવણ કરીને, હવે પ્રમાદાચરણ કરવું તને ઘટતું નથી.

૬૮ બાળપણું ક્રિડા કરવામાં ગમાવે, યૌવનવય ભોગસુખમાં વીતાવે ( યૌવન વયમાં વિષયક્રીડા કરે ) અને વૃદ્ધપણામાં શરીરબળ ક્ષીણ થઇ જાય–એ રીતે મુગ્ધ જીવ વ્યર્થ રીતે કાળનો વ્યય કરે છે.

૬૯ બાળવયથી માંડીને જેણે સકળ ગુણસંયુક્ત એવું દાન શીલાદિક સુકૃત્ય ઉપાર્જ્યું નથી, તેને જ્યારે વૃદ્ધ અવસ્થામાં શરીર જર્જરિત થઇ જાય છે ત્યારે ધર્મસાધન કરવા અવકાશ રહેતો નથી. ( તેથીજ શાસ્ત્રકારે ઠીકજ કહ્યું છે કે જ્યાં સુધી જરાથી દેહ જર્જરો થઇ જાય નહિ, વ્યાધિ વધીને ચોતરફથી ઘેરી લે નહિ અને ઇન્દ્રિયો ક્ષીણ શક્તિવાળી થઇ જાય નહિ, ત્યાં સુધીમાં હે ભવ્યાત્મન્ ! તું ધર્મસાધન કરી લે. દવ બળે ત્યારે કૂવો ખોદવો શા કામનો ? )

૭૦ પૂર્વ જન્મમાં જે ઉદાર ( અદ્ભુત ) દાન શીલ અને તપ પ્રમુખ સુકૃત્ય કર્યાં હતાં તેના ફળભૂત એવું મનુષ્યપણું તને પ્રાપ્ત થયું. જો હવે અહીં સુકૃત્ય નહિ કરીશ તો તું ઇચ્છિત રમણિક સુખ શી રીતે પામીશ ?

૭૧ બાહ્ય અભ્યંતર તપવડે જેણે કર્મલેપ સર્વથા ધોઇ નાંખ્યો છે તેવા જિનેશ્વર સિવાય બીજા કોઇ દેવ નથી, અર્થાત્ એજ દેવાધિદેવ, સુસાધુ એજ ગુરૂ અને સર્વજ્ઞ–પ્રભુભાષિત–એજ તત્ત્વ–ધર્મ. એ ત્રણ વસ્તુ–તત્ત્વમાં દૃઢ પ્રતીતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એજ સમ્યકત્વ. ( ઉક્ત સમ્યકત્વના પ્રભાવથી આત્માની શીઘ્ર ઉન્નતિ થવા પામે છે એ મહા લાભ છે ).

૭૨ જે તત્ત્વજ્ઞાની જનો રૂડા પરિણામને ધારે છે, સપ્ત ક્ષેત્રોમાં ન્યાયોપાર્જિત દ્રવ્ય વાવે છે અને ત્યારબાદ દીક્ષા અવસરે નિર્મોહપણાથી મમતાને છેદી નાંખે છે તે મહાનુભાવો આ દુર્લભ મનુષ્યજન્મને સાર્થક-પાવન કરે છે.

૭૩ આ ઉપદેશ સપ્તતિકાનું પઠન કરીને તેનો પરમાર્થ-વિસ્તાર ( સાધન ઉપાય) ચિત્તમાં જે અવબોધે છે તે ભવ્યાત્મા જન્મ મરણાદિક દુઃખપૂર્ણ અને અતિ દુસ્તર ભવસાગરને તરી ( પાર ઉતરી ) ક્ષેમકુશળ સર્વોત્કૃષ્ટ ( મોક્ષ ) સુખને પ્રાપ્ત કરે છે. ઇતિશમ્.

# सूक्त वचन सार.

( લેખક-સદ્ગુરૂ કર્પૂરવિજયજી. )

૧, ક્રોડો જન્મ પર્યન્ત તીવ્ર તપ તપતાં છતાં જે કર્મનો ક્ષય થઈ શકતો નથી તે કર્મનો ક્ષય સમતાયોગે એક લહેજા માત્રમાં થઇ જાય છે.

૨ જ્ઞાન, ધ્યાન, તપ, શીળ અને સમકિત સુકત સાધુ શમશાન્તિ-ક્ષમા પ્રધાન હોય તોજ ખરૂં સુખ મેળવી શકે છે.

૩ શકિતરૂપે સર્વે જીવ સિદ્ધ સમાન છે; તેવો સાક્ષાત્ અનુભવ કરવો જ હોય એટલે પ્રગટપણે સ્વરૂપસ્થિતિ પ્રાપ્ત કરવીજ હોય તો ભેદભાવ તજી સર્વને અભેદભાવે જોવા પ્રયત્ન કરવો. ' હું અને મ્હારાપણાનું ' મિથ્યાઅભિમાન મૂકી દઇ શુદ્ધ જ્ઞાન રૂપ નિજપદમાંજ લીન થવું.

૪ સદ્ગુણોનું સેવન કરવાથી દોષ માત્ર દૂર પલાયન કરી જાય છે. દોષ માત્ર દૂર થવાથી આત્મા સદ્ગુણમય જે બને છે.

૫ સર્વત્ર સદ્ગુણોજ પૂજાય છે; તેથી તેમાંજ આદર કરવો.

૬ સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા શ્રી જિનેશ્વર દેવની પવિત્ર આજ્ઞાને પ્રાણ સમાન લેખી તેનું પાલન કરવા સાવધાન રહેનાર ઉત્તમ સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકા રૂપ શ્રી સંઘ ગુણરત્નનો ભંડાર હોવાથી પૃથ્વી ઉપર પરમ આધારરૂપ છે.

૭ મહાનુભાવ એવા શ્રી સંઘનો જે દ્રોહ કરે છે તે દુષ્ટાત્મા ખરેખર પોતાનો જ દ્રોહ કરે છે, તેને સ્વધર્મદ્રોહી જાણવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮ પૂજ્યજનોપ્રત્યે પૂર્ણ વાત્સલ્યભાવ રાખી યથાશક્તિ તેમની સેવાભક્તિ કરનાર આ ભવસાગર તરી જાય છે.

૯ વિશાળ લોચન છતાં દીપક વગર અંધકારમાં પડેલી વસ્તુ ઓળખી શકાતી નથી, તેમ ગુણ રત્નાગર ગુરૂ વગર વિચક્ષણ પણ ધર્મ જાણી શકાતો નથી.

૧૦ મનથી, વચનથી અને કાયાથી કરેલાં દુષ્કૃત્યોની શુદ્ધિ, આલોચના, નિંદા, ગર્હા કરવાવડે તેમજ સમ્યગ્ જ્ઞાનયુક્ત કરણી અને ઉગ્ર તપસ્યાવડે થઇ શકે છે એમ જ્ઞાની કહે છે.

૧૧ મંત્ર, તીર્થ, ગુરૂ, દેવ, સ્વાધ્યાય અને ભેષજ વિષે જેની જેવી ભાવના હોય તેને તેવી સિદ્ધિ થઇ શકે છે. તેથી તેમાં અત્યુત્તમ ભાવના રાખવી યુક્ત છે.

૧૨ છ માસ, છ પક્ષ (પખવાડા) કે છ દિવસમાંજ ખરેખર અતિ ઉગ્ર પુણ્ય પાપનાં ફળ અહીંજ પ્રાપ્ત થાય છે. એમ સમજી અતિ ઉગ્ર પાપબુદ્ધિ સર્વથા તજવી.

૧૩ યથોક્ત સુપાત્ર પ્રત્યે શુદ્ધ-નિર્દોષ વસ્તુનું દાન દેવું એજ ગૃહસ્થધર્મનું શ્રેષ્ઠ ફળ શાસ્ત્રકારે કહેલું છે.

૧૪ અવસર ઉચિત દાન ઉલ્લસિત ભાવે, નિઃસ્વાર્થપણે, પ્રિય વચન સાથે દેવાય તે ચિન્તામણિ સમાન જાણવું.

૧૫ ગર્વ રહિત જ્ઞાન, ક્ષમાયુક્ત શૌર્ય અને ઉદારતા ( દાન-વિવેક ) સાથે દ્રવ્ય પ્રાપ્તિ એ બધાં ભાગ્યયોગેજ પ્રાપ્ત થઇ શકે છે.

૧૬ સર્વ આભૂષણો કરતાં શીલ આભૂષણ શ્રેષ્ઠ-સર્વોત્તમ છે.

૧૭ જોતજોતામાં આયુષ્ ખૂટી જાય છે, તેટલામાં ચેતી લઇને જે સુકૃત કરણી કરી લેવાય તેજ લેખે છે. અન્યથા અલેખે જાણવી.

૧૮ સર્વ કોઇ સુખની ચાહના કરે છે, પણ ધર્મ સાધન વગર સુખપ્રાપ્તિ થતી નથી. પ્રમાદ તજ્યા વગર ધર્મસાધન થઇ શકતું નથી.

૧૯ અહિંસા-સ્વપર દ્રવ્યભાવ પ્રાણની ડહાપણ ભરી રક્ષા, સંયમ-ઇન્દ્રિય દમન, કષાયત્યાગ, સદ્વ્રતપાલન, અને આત્મનિગ્રહ તથા બાહ્ય અભ્યંતર વિવિધ તપનું સેવન કરવું તે ધર્મનું લક્ષણ છે.

૨૦ શુદ્ધ સ્ફાટિક રત્ન સમાન આત્માનું સહજ સ્વાભાવિક સુખ પ્રાપ્ત કરવું એ પરમ ધર્મ ( સાધ્ય ) છે. ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जैनोंनुं बाह्य अने आंतर जीवन.

આ વિષય બહુ મહત્ત્વનો છે. જગતમાં અનેક મનુષ્યો જન્મે અને મરે છે તેથી કાંઇ વિશેષતા નથી. એ તો અનાદિકાળથી બનતું આવે છે, પણ જે વિશિષ્ટ જીવન-સ્વપરને અનેક રીતે ઉપકારક જીવન જીવે છે તેજ જગતમાં જીવ્યો કહેવાય છે, તેનેજ જીવતાં આવડ્યું છે, બાકીતો પશુઓ પણ જીવે છે, તો પણ તેઓ જગત્‌ને કોઇ રીતે ઉપયોગી થઇ પડે છે. આથી જે મનુષ્ય સ્વપરનું લેશમાત્ર શ્રેય ન કરે, ઉલટું પોતાનું જીવન જગત્‌ને ભારભૂત કરે તો તે પશુ કરતાં પણ ઉતરતી પંક્તિમાં ગણાય એમાં વાંધા જેવું નથી. આપણે અહીં જૈનજીવનનું સ્વરૂપ બતાવવા પ્રયાસ કરીએ છીએ, પણ જે હકીકત અહીં જણાવશું તે સામાન્યરીતે મનુષ્ય માત્રને લાગુ પડી શકશે એમ વિચારકને જણાશે. અસ્તુ. હવે આપણે આપણા પ્રસ્તુત વિષય તરફ વળીએ.

આંતરજીવનની શુદ્ધતાને માટે વિકાર-લાગણીઓ ઉપર વિજય મેળવવો એ અત્યાવશ્યક છે. બાહ્ય વર્તન ગમે તેઠલું સારૂં હોય પણ જો વિકારને વશ થવાનું હોય તો તે પ્રશંસાપાત્ર નહિ ગણાય. એથી ઉલટું જેનું બાહ્ય વર્ત્તન લોકદૃષ્ટિએ વિચિત્ર લાગતું હોય પણ અંદરથી જેણે વિકારોને વશ કર્યા હોય તે મનુષ્યજ લોકોત્તર દૃષ્ટિએ ઉત્તમ ગણાય છે. વિષય કે વિકારોથી બચવા માટે તેવા પ્રસંગોથી દૂર રહેવું, તેને માટે વ્રત કે નિયમો કરવા, એ નિર્વિકાર સ્થિતિ પ્રાપ્ત કરવા માટે શરૂઆત તરીકે અલબત્ત જરૂરનું છે, પણ ઉત્તમ તો તેજ કહેવાય કે સ્થુલિભદ્ર-મુનિની પેઠે વિકારોની મધ્યમાં રહી અડગ રહે. તેને માટે કહ્યું પણ છે કે—विकारहेतोः सति विक्रियन्ते, येषां न चेतांसि त एव धीराः—બહુ પરિચિત કોશા વેશ્યા, તેની સુંદર ચિત્રશાળા, વર્ષા રૂતુનો સમય, ષડ્રસ ભોજન, કોશાની અનેક હાવભાવયુક્ત પ્રાર્થના, એકાંત ( સ્વતંત્ર ) સ્થળ-એ આદિ કામોત્તેજક પ્રબળ કારણોની મધ્યમાં રહી સુરક્ષિત રહેવું એ અતિ વિકટ-દુષ્કર કાર્ય ગણાય.

કષાય ઉપર જય મેળવવો એ આંતર જીવનની સુધારણા માટે ખાસ જરૂરનું છે. ક્રોધાદિક ચાર કષાયોનો ત્યાગ કરી ક્ષમા આદિ ચાર ગુણોની પ્રાપ્તિ કરવી, એટલું કષાયત્યાગને અંગે આવશ્યક છે. આ હકીકત આપણે બહુવાર સાંભળેલી હોય છે અને તેથી કદાચ સામાન્ય જેવી લાગશે, પણ એ ગુણો વ્યાવહારિક બાબતોમાં પણ ઘણો અગત્યનો ભાગ ભજવે છે, એ જાણ્યા પછી એનું મહત્ત્વ-ગૌરવ વિશેષ લાગશે.

**પ્રથમ ક્રોધનો ત્યાગ લઇએ—**

ક્રોધનાં નિમિત્તો મળ્યા વગર ક્ષમા રાખી શકાય એમાં તો કાંઇજ વિશેષતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી, પણ મુનિરાજને વહોરાવવા માટે લક્ષપાક તેલના ચાર શીશાઓ દેવકૃતિથી દાસીને હાથે પડી જવા છતાં જેનું રૂંવાડું પણ ગરમ ન થયું એવી **અચ્ચંકારી-** ભટ્ટાની જેમ અસાધારણ સહનશીલતા રાખી શકાય તેજ ખરી ક્ષમા કહેવાય. જે વ્યાપારી, ડૉકટર, વકીલ, શિક્ષક કે શેઠ વિગેરેનો સ્વભાવ ક્રોધી-ચ્હીડીયો હોય તેને ત્યાં ગ્રાહક, દરદી, અસીલ, વિદ્યાર્થી કે નોકરો ઘણા ઓછા આવશે અને તેઓને તેથી અર્થ-લાભ સંબંધી ઘણી હાનિ વેઠવી પડશે. એથી તેઓનું ચિત્ત સદાને માટે સંતપ્ત રહેશે અને તેઓને ખરી શાંતિનો અનુભવ કયારે પણ થઇ શકશે નહિ. શાંત પ્રકૃતિવાળાને માટે એથી સર્વ ઉલટું સમજી લેવું. એ બાબત વિસ્તાર કરવાની જરૂર નથી.

**હવે માનના ત્યાગ બાબત વિચારીએ—**

માની-અહંકારી મનુષ્યનો જ્યાં ત્યાં તિરસ્કાર થશે-અપમાન પામશે. તે શ્રીમંત કે અમલદાર હશે તો પાછળથી-પરોક્ષમાં લોકો તેની લાયકાત હલકી આંકશે. તે લોકોનો ચાહ મેળવી શકશે નહિ. મિત્રમંડળ કે સમૂહનાં આનંદનો લાભ તેને મળી શકશે નહિં. જે માણસ મ્હોટાઇ ઇચ્છે છે તેને તે મળતી નથી; નથી ઈચ્છતા તેને લોકો પરાણે વળગાડવા-આપવા આવે છે. આથી લઘુતામાં કેટલા ગુણો છે તે સમજી શકાશે. બીજનો ચંદ્ર નાનો હોય છે, છતાં તેને સૌ નમે છે. પૂર્ણિમાને દિવસે સંપૂર્ણ ચંદ્રનો કોઇ ભાવ પૂછતું નથી. બાળક રાજાના અંતઃપુરમાં જાય છે તેને રાણીઓ રમાડે છે. મ્હોટો માણસ ભૂલથી પણ પ્રવેશ કરે છે તો તેને દેહાંતદંડ સુધીની શિક્ષા ખમવી પડે છે. કીડી ન્હાની હોય છે તે ષડ્રસ ભોજન આસ્વાદે છે; હાથણી મ્હોટી છે તે પોતાની સૂંઢવડે શિરપર ધુળ ઉડાડે છે. વિદૂષી એનીબેસન્ટ, લોકમાન્ય તિલક, મહાત્મા ગાંધી વિગેરે હિંદના આર્યપ્રજાના સેવક થઇને સેવા બજાવે છે તો લોકો તેઓને દેશના નાયકો તરીકે ગણી કેવું અસાધારણ માન આપે છે? તે સર્વને વિદિતજ છે, માટે લઘુતા ખાસ ધારણ કરવા યોગ્ય છે અને તે આંતરજીવનને સુધારે છે.

**માયાનો ત્યાગ કેટલો અગત્યનો છે તે હવે જોઇએ—**

માયાવી-કપટી માણસ જગતનો વિશ્વાસ ખુવે છે, તેની સાથે કોઇ વ્યાવહારિક-વ્યાપાર સંબંધી કામ પાડતું નથી, તે લુચ્ચો, ઠગ, ઢોંગી, બગભકત ઈત્યાદિ ઉપનામોથી ઓળખાય છે. આજકાલ પ્રાયઃ સર્વત્ર દંભનું પ્રાબલ્ય વધી પડયું છે. જે માણસ પોતે હોય-તેના કરતાં વિશેષ સારો, દ્રવ્યવાન્, વિદ્વાન્, દેખાવાનો પ્રયત્ન કરે છે, તે શરૂઆતમાં કદાચ ભલે ફાવે-ફત્તેહ મેળવે પણ જ્યારે લોકો તેના ખરા સ્વરૂપને પામી જાય છે-ઓળખી લે છે ત્યારે પછી તેની પ્રતિતી કરતું નથી. દંભ ધાર્મિક ક્રિયાઓને અંગે તો તદ્દન નિષ્ફળ અને આત્માને અધોગતિએ લઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જનાર છે. પાપનું પ્રાયશ્ચિત્ત લેતાં જો સરલતા હોતી નથી તો પાપથી મુક્ત થઇ શકાતું નથી, માટે સરલ થવું એ આંતરશુદ્ધિને માટે બહુ જરૂરનું છે.

**હવે આપણે લોભથી થતી હાનિ તપાસીએ—**

જગત્‌માં સુખનો નાશ કરનાર અને ગુણમાત્રને ઢાંકી દેનાર જો કોઇપણ દોષ હોય તો તે લોભ છે. લોભી મનુષ્ય અસંતોષને લીધે સદા દુઃખીજ હોય છે, તે પોતે લક્ષ્મીનો ઉપભોગ લઈ શકતો નથી, તેમ કોઇને તેનો લાભ દઇ પણ શકતો નથી. પરિણામે તેની લક્ષ્મીમાં વાસના રહી જવાથી તે અસદ્‌ગતિને પ્રાપ્ત થાય છે. કવચિત્ સર્પ કે કૂતરારૂપે જન્મી તે તેની ચોકી કરે છે, તે વારંવાર માર ખાય છે, છતાં ફરી ફરી ત્યાંજ જઈને બેસે છે. કૃપણ મનુષ્યો પૂરૂં પેટમાં ખાતા નથી અને કપડાં પણ જીર્ણ અને મલિન પહેરે છે. તે ઘણાં પ્રકારના પાપારંભથી લક્ષ્મી એકઠી કરે છે, તેનો ઉપભોગ આખું કુટુંબ લે છે, પણ તે (પાપારંભ)નું ફળ તો તે એકલોજ ભોગવે છે, કારણકે પુણ્ય તો તેણે કરેલું હોતું નથી, માત્ર પાપજ બાંધેલું હોય છે. એ પ્રમાણે તે દુર્લભ મનુષ્યભવ હારી જાય છે અને લોકમાં નિંદાને પાત્ર થાય છે, માટે સંતોષવૃત્તિ ધારણ કરવી અને નિર્વાહ જેટલું દ્રવ્ય એકઠું થયે વ્યાપારને પણ છોડી દઈ પ્રભુભજનમાં કાળ ગાળવો એ આંતર શુદ્ધિને માટે ખાસ જરૂરનું છે.

ઉપર મુજબ કષાયત્યાગનાં વ્યાવહારિક ફળો છે, પણ ધાર્મિક દૃષ્ટિએ તો કષાયત્યાગથીજ ભગવાન્ થઈ શકાય છે એ ખાસ સમજવું ઘટે છે.

ગુણાનુરાગી થવું એ આંતર સુધારણા માટે બહુ અગત્યનું છે. મ્હોટે ભાગે જે પોતે ગુણી હોય તેજ ગુણાનુરાગી થઇ શકે છે. ગુણાનુરાગી થવાથી પોતામાં રહેલી ન્યૂનતાઓ-ખામીઓ જણાય છે અને તેમ થવાથી પોતાને ગુણોની પ્રાપ્તિ થાય છે. જગત્‌માં મનુષ્યોને સામાન્ય રીતે એવી ટેવ પડી ગયેલી હોય છે કે તે બીજામાં અવગુણ જુએ છે અને પોતાને ગુણવડે સંપૂર્ણ જુએ છે. ખરી રીતે અહીંજ દૃષ્ટિને ફેરવી નાંખવાની જરૂર છે. જો બીજામાં ગુણ જોવાય અને પોતામાં દોષ જોવાય અને તે દૂર કરવા લક્ષ્યપર લેવાય તો જીવન ક્રમે ક્રમે એટલું બધું સુધરી જાય છે કે તે (જીવન) જગત્‌માં અનુકરણીય અને મહાપુરૂષ બને છે; માટે દોષ જોવાની ટેવને નિર્મૂળ કરી ગુણને જોનાર થવાથી આંતરજીવન શ્રેષ્ઠરીતે ઘડાય છે.

હિંદની નિર્ધનતાનાં કારણો પૈકી અપ્રમાણિકપણું એ પણ એક મ્હોટું કારણ છે. વ્યાપારીઓ ઓછું આપે, વધારે લે અને ભાવમાં પણ દોઢા બમણા કરે તથા સારી નરસી વસ્તુનું મિશ્રણ કરી માલમાં દગો કરે—એ રીતિએ વિશેષ કમાય છતાં લક્ષ્મી કેમ ન વધે? એ પ્રશ્ન દરેકે વિચારવો ઘટે છે. ઉત્તર એ છે કે—એવાઓ કદાચ લક્ષ્મી મેળવે પણ કુદરત તેઓને છુપી શિક્ષા કર્યા વિના છોડતી નથી. તેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લક્ષ્મી નદીના પૂર જેવી ગણાય છે. તેઓ માંદગી ભોગવે છે અથવા તેઓની સ્ત્રીઓ મરી જાય છે કે તેઓનું ધન ચોર ચોરી જાય છે અથવા અગ્નિ તેનો ભોગ લે છે. એ હકીકત સર્વ કોઇ અનુભવે છે છતાં તે ઉપરથી ધડો લેતા નથી—સમજતા નથી એજ ખેદનો વિષય છે. વિદેશીઓ ખાસ કરીને પ્રમાણિકપણું સાચવે છે. એક લિપ્ટન ટી ( ચ્હા ) ના ડબાને તોળશું તો તે રતલજ થશે, માટે આંતર શુદ્ધિ માટે પ્રમાણિકપણું ખાસ જરૂરનું છે. પ્રમાણિક થવાથી લોકોનો વિશ્વાસ બેસે છે અને તેથી વ્યાપારમાં ખાસ લાભ મળે છે એ ભૂલવું જોઇતું નથી. વળી તેથી સત્યને પોષણ મળે છે. અગાઉ કોર્ટ વિગેરેમાં જૈનોના શબ્દો ઉપર ખાસ પ્રતીતિ રહેતી હતી, અત્યારે તેમાં ઘણું અંતર પડી ગયું છે. જૈનોમાં તો તે ગુણ ખાસ કરીને હોવોજ જોઇએ, માટે થઇ ગયેલી શોચનીય સ્થિતિ દૂર કરવાની પૂર્ણ જરૂર છે.

વિશ્વવત્સલ **મૈત્રીભાવ**, ગુણાધિક જીવ ઉપર **પ્રમોદ**, દુઃખી જીવો ઉપર કરૂણા અને પાપી જીવો ઉપર પણ **માધ્યસ્થતા.** એ ચાર ગુણો આંતર શુદ્ધિના જીવનરૂપ હોઇ અતિ અગત્યના છે. જગત્‌માં જે જે મહાપુરૂષો થયા છે તેઓમાં આ ચાર અસાધારણ ગુણો તો ખાસ કરીને હતા, એ ગુણો મેળવવાની ટેવ પાડનાર ઘણાં પાપકર્મોથી બચી જાય છે, તે જે આંતરિક સુખને અનુભવે છે તે વાગ્ગોચર નથી, કલ્પનાતીત છે, અનુભવગમ્યજ છે અને તેથી તે પોતેજ સમજી શકે છે.

આ પ્રમાણે જેનું આંતર જીવન શુદ્ધ હોય તેનું બાહ્ય જીવન સ્વાભાવિક રીતે શુદ્ધ હોયજ, તેથી એને સુધારવા માટે ખાસ પ્રયાસ કરવાની જરૂર રહેતી નથી, કારણકે બાહ્ય જીવન કારણ છે અને આંતર જીવન કાર્ય છે, અને કાર્ય હોય ત્યાં કારણ હોયજ, એટલે એ બાબત વિસ્તાર નહીં કરતાં અંતે એટલુંજ જણાવીશ કે દરેકે બાહ્ય જીવન સુધારવા સાથે આંતરિક જીવન સુધારવા પ્રયાસ સેવવાની ખાસ જરૂર છે. સત્પુરૂષોનું માનસિક, વાચિક અને કાયિક વર્ત્તન એકસરખુંજ હોય છે, તેમાં ભિન્નત્વ હોતુંજ નથી. તેઓને જે મનમાં હોય છે તેજ વચનમાં આવે છે અને વર્ત્તન પણ તદનુસારજ હોય છે. તેને માટે કહ્યું પણ છે કે—चित्ते वाचि क्रियायां तु साधूनामेकरूपता. સત્પુરૂષ થવાની ઇચ્છા તો દરેકને હોય છે, પણ તેઓના જેવું વર્ત્તન—ચારિત્ર ઘડવા પ્રયત્ન વિરલા જનોજ સેવે છે. તેવો પ્રયત્ન બહુ જન સેવે એજ આ લેખ લખવાનો આશય છે. इत्यलम्.

**માસ્તર દુર્લભદાસ કાળિદાસ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# कोश्यावेश्याए सिंहगुफावासी मुनिने करलो असरकारक बोध.

ચાતુર્માસ પૂર્ણ થવાથી સર્પના રાફડા ઉપર રહેલા શિષ્યે, કુવાના મંડાણ ઉપર રહેલા શિષ્યે, સિંહની ગુફાના દ્વાર પાસે રહેલા શિષ્યે, તથા કોશ્યાને ત્યાં રહેલા શિષ્ય સ્થૂલિભદ્રજીએ ગુરૂ **શ્રી સંભૂતિવિજયજી** પાસે આવી પગમાં પડી વિધિયુક્ત વંદણા કરી. શિષ્યોના તપથી ખુશી થઇ સ્થૂલિભદ્રજીને ગુરૂએ કહ્યું કે–'તમે જે સ્થળે ચાતુર્માસ પૂર્ણ કર્યું છે તે બીજાથી બની શકે નહિ, તમે જે કાર્ય સિદ્ધ કર્યું છે તે અતિ દુષ્કર છે.' બીજા ત્રણ શિષ્યોને પણ કહ્યું કે 'તમારા ચાતુર્માસ રહેવાનાં સ્થળો પણ વિકટ હતાં, તેથી તમારૂં કાર્ય પણ દુષ્કર છે.' આવાં વચન ગુરૂના મુખથી સાંભળી સર્પના રાફડાપર રહેલા શિષ્યના મનમાં આવ્યું કે–'અહો! ભાગ્યની ગતિ ન્યારી છે, કે સર્પના મુખમાં રહી ઝેરનો સ્પર્શ અને પુંછડાના સપાટા સહન કરવા છતાં પણ ક્રોધનો ઉદ્ભવ ન થવા દેવો અને તેના ઉપર જય મેળવવો એ તપ કાંઇ થોડું કઠીન નથી. એવું આકરૂં તપ મેં કર્યું, તો ગુરૂશ્રીએ મને ફક્ત એકજવાર દુષ્કર શબ્દ કહ્યો, અને મારા ગુરૂભાઈ સ્થૂલિભદ્રજી જેણે રંગમહેલમાં રહી વિધવિધ જાતિના ભોજન કર્યાં, રાગરાગણી સાંભળ્યા, ભિન્ન ભિન્ન જાતિના નાટારંભ જોયા તેને ગુરૂદેવે દુષ્કર શબ્દ બે વખત કહ્યો. તે ફક્ત ગુરૂની પરીક્ષાનીજ ખામી છે.' આવા વિચાર બીજા મુનિના મનમાં પણ આવ્યા. આ ક્ષણે તેમના મનમાં અભિમાને વાસ કર્યો, તેથી ગુરૂની પરીક્ષાને નિર્જીવ ગણવા લાગ્યા. કામ કેવો બળવાન છે તેનું તેમને હજુ જ્ઞાન થયું નહોતું, તેનું સ્વરૂપ તે જાણતા નહોતા, તેથી ગુરૂને પૂછવા લાગ્યા–' આપના ચારે શિષ્યોમાંથી સૌથી વધારે શ્રેષ્ઠ કોણ?' ત્યારે ગુરૂદેવ શાંતપણે બોલ્યા કે '**સ્થૂલિભદ્ર.**' ત્યારે તે શિષ્યે પ્રશ્ન કર્યો–'હે કૃપાળુ! આપ સ્થૂલિભદ્રજીને શ્રેષ્ઠ કેમ ગણો છો?'

ગુરૂદેવ બોલ્યા–"હે વત્સ! જે કસોટીમાંથી મોટા મોટા મુનિઓ પાર ઉતર્યા નથી, કામને જીતી શકયા નથી, તેને જીતીને મહાપરાક્રમ સ્થૂલિભદ્રે કર્યું છે. સ્ત્રીનાં ચરિત્ર મોટા મોટા યોગી મુનિ પણ સમજી શકયા નથી અને તેની માયામાં લપટાયા છે. માયાનો અર્થ એવો થાય છે કે **મા** એટલે મિથ્યા અને **યા** એટલે જે છે તે. એટલે જે મિથ્યા છે તે માયા. સંસારી જીવ તેમાં લપટાઇને એવો તો જકડબંધ થઈ જાય છે કે તેમાંથી મહા પરાક્રમે પણ છુટી શકતો નથી. તેવી માયાને સ્થૂલિભદ્રે આત્મબળના પ્રતાપે જીતી છે. જે પુરૂષ કંદર્પને જીતે છે તેજ પુરૂષ પરમ શ્રેષ્ઠ, પરમપૂજ્ય, પરમ તપસ્વી છે.

માયામાં લપટાવાનું પ્રારંભસ્થાન સ્ત્રી છે, જે એના પાશમાં બંધાયો તે ધર્મ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મ, યોગ, ધ્યાન, નીતિ, જ્ઞાન, તત્ત્વ એ સર્વથી ભ્રષ્ટ થાય છે. સ્ત્રીના સંગથી પુરૂષ એવી અધોગતિને પામે છે કે કાળના કાળ ને જન્મના જન્મ સુધી તેને મુકિત-માર્ગના દર્શન થતા નથી. પુરૂષના સર્વ તત્ત્વોનું હરણ કરનારી એ માયારૂપી સર્પણી છે, તેમજ યોગ ભ્રષ્ટ કરનારી, ભાન ભૂલાવનારી, ધર્મ તજાવનારી એજ માયા છે. મોટા મોટા ઋષિઓને તપમાંથી એ માયાએ ચળાયમાન કર્યા છે. સ્ત્રીના મુખ ઉપર સલામણનું તાળું કહેવાય છે, પણ એજ સ્ત્રી તેનાં નેત્રની જે કમાન ચઢાવવામાં આવે છે તેની પણછના અગ્રભાગપર મૂકીને કટાક્ષ બાણ મારે છે, તેથી પુરૂષ કેવળ નિઃસત્વ બની જઇ વિધિ નિષેધનું ભાન ભૂલી જઇ તે માયારૂપી સર્પણીના પગમાં ધૂળ ચાટતો પડે છે. માયારૂપ મોહિનીનું બાણ સ્ત્રીની પાસે એવું તો સચોટ છે કે જેનું નિશાન કોઇ પણ કાળે, કોઇ પણ સ્થળે ચૂકતું નથી. એવી માયારૂપ સ્ત્રીના મોહ-માંથી અસંગ, નિર્લેપ, નિર્વિકાર રહીને જે પુરૂષ મુકિત મેળવે છે તે જીવ શ્રેષ્ઠ હોય એમાં અસત્ય શું છે? આ સ્થૂલિભદ્ર એવી માયાના પાશમાંથી છુટી આવ્યા છે, માયાને પગ નીચે દાબવાનું એ બળ ધરાવે છે, માટે જ એ સર્વથી શ્રેષ્ઠ છે. જોગી, ઋષિ, મુનિ, તપોધનો એવા અનેક જનો એ માયાના મોહમાં એવા તો ચગદાઇને કુચો થઇ ગયા છે કે તેમનું લાખો વર્ષનું જ્ઞાન ક્ષણવારમાં રસાતાળમાં પહોંચી ગયું છે.”

આવો ગુરૂએ ઉપદેશ કર્યો, છતાં તે શિષ્યોના મનમાંથી સંદેહ દૂર થયો નહિ. તે જાણતા હતા કે કામને જીતવો એ કાંઇ અશકય નથી. તેથી ગુરૂ પ્રત્યે બોલ્યા—‘હે દયાળુ ! કામને જીતવો એને અમે એવું કઠિન માનતા નથી, આપની ઇચ્છા હોય તો અમારી પરીક્ષા કરજો.’

ગુરૂજી મૌન ધારણ કરી ગયા. શિષ્યનું મન વરતી ગયા. વાત વિસારે પડી. આઠ માસ વીતી ગયા. પુનઃ ચાતુર્માસ આવ્યું, ત્યારે ચારે શિષ્યોને સમિપ તેડાવી ચાર સ્થાને જઇને રહેવાની ગુરૂએ આજ્ઞા કરી, તે વખતે સિંહગુફાવાસી મુનિએ કોસ્યાને ત્યાં ચાતુર્માસ રહેવા જવાની આજ્ઞા માગી. ગુરૂએ ના પાડી. બીજીવાર રજા માગી, બીજીવાર ના પાડી. તે શિષ્ય નિશ્ચયપૂર્વક માનતા હતા કે કામને હું ચપટીમાં ચોળી નાંખીશ, એટલે ગુરૂની આજ્ઞા વિના કોસ્યાના દ્વારપર જઇ ધર્મલાભનો ઉચ્ચાર કર્યો. આ ઉચ્ચાર સાંભળી કોસ્યાની દાસી દોડતી દ્વાર પાસે આવી, અને વિધિયુકત વંદણા કરી કહેવા લાગી કે—‘હે દયાળુ ! ગોચરી વહોરવા પધારો.’ ત્યારે તે મુનિ બોલ્યા—‘હું ગોચરી વહોરવા આવ્યો નથી, પણ ચાતુર્માસ રહેવા આવ્યો છું, માટે મને ઉતરવાની જગ્યા આપો.’ આ ખબર દાસીએ કોસ્યાને આપ્યા, તેથી કોસ્યાએ સુંદર મકાનમાં ઉતરવાની સગવડ કરી આપી.

કોસ્યા સંસ્કારી બની હતી. તે જ્ઞાનની અપેક્ષાવાળી થઇ હતી. દેહ અને આ-ત્માનું સાર્થક કરવાની જીજ્ઞાસુ બનતી જતી હતી. સાધુ પુરૂષના દર્શનની અભિ-લાષા રાખતી હતી. અહોનિશ પરમાત્માના સ્મરણમાં વખત ગાળતી હતી આથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે દર્શન કરવા માટે મુનિરાજ પાસે ગઇ અને વિધિપૂર્વક વંદણા કરી વિનય સહિત બોલી કે–'હે કૃપાળુ! આપ કયાંથી પધારો છો?' ત્યારે તે મુનિ બોલ્યા કે–'સ્થુલિભદ્રજીનો હું ગુરૂભાઇ છું અને ચાતુર્માસ રહેવાને અહીં આવ્યો છું.' તેથી કોશ્યા બોલી કે–'ધન્યભાગ્ય મારાં કે આ મંદિરને પાવન કરવા આપ જેવા સદ્‍ગુરૂ અહીં પધાર્યા. આપ સુખેથી આ સ્થળે ચાતુર્માસ રહો.'

સ્થુલિભદ્રજી તો મહાત્મા હતા, વિષયસુખથી વિરક્ત હતા, તેવાજ તેના ગુરૂભાઇ પણ હોવા જોઇએ, તોપણ તેમની પરીક્ષા કરવાને કોશ્યાને વિચાર થયો. તેણે દાસીને કહ્યું કે 'આપણાં એવાં ભાગ્ય કયાંથી કે એમના જેવા મહાત્મા પુરૂષના પગલાં આપણે ઘેર થાય; પૂર્વ જન્મનાં મહા પુન્યથી આ કાયારૂપી નાવ મળ્યું છે, અને આ સંસારાર્ણવ તો દુ:ખરૂપજ છે, તો આ નાવ ભાંગી ન જાય તેટલામાં આવા મહાત્મારૂપી નાવિક દ્વારા આ દુ:ખોદધિ તરી જવાને આપણે તત્પર થવું યોગ્ય છે.' આમ કહી તે મુનિ પ્રત્યે બોલી કે–'વખતો વખત આપની પાસે આવી આપના વચનામૃતનો લાભ લઇશ અને મારામાં જે નાટારંભ કરવાની કળા કૌશલ્યતા છે તે બતાવી આપના મનનું રંજન કરીશ.'

પછી કોશ્યા શણગાર સજી મુનિની સમીપ આવવા લાગી. વિધવિધ જાતના નાટારંભ સાથે સુંદર ગાયન કરે છે, હાવભાવ બતાવે છે, કામ પ્રદિપ્ત થાય તેવાં નેત્રનાં ઇસારા કરે છે, ઝીણોઝીણો વરસાદ વરસે છે, વિધવિધ જાતના વાજીત્ર વાગી રહ્યા છે, નેઉરનો ઠણઠણાટ થઇ રહ્યો છે. આવો રંગબેરંગી દેખાવ જોવાથી મુનિનું ચિત્ત થોડી વખત તો સ્થિર રહ્યું, પણ આખરે તેનું આત્મજ્ઞાન પલાયન થવા લાગ્યું, વીર્યવર્ધક આહાર ખાવાથી કામ જાગૃત થવા લાગ્યો, અને વિષયસુખ ભોગવવા તરફ તેની વૃત્તિ ફરી.

મુનિની આકૃતિ જોતાંજ કોસ્યા સમજી ગઇ કે–મુનિ ચળાયમાન થયા છે, પણ તેને અંકુશમાં રાખવા એ મારી ફરજ છે. તેથી તે બોલી–'હે દયાળુ! આ દાસી આપનીજ છે, અને આપની સાથે વિષયસુખ ભોગવવાની ઇચ્છા રાખે છે, પણ આપ જેવા તેજસ્વી પુરૂષ સાથે કામક્રીડા કરતી વખતે જેવાં ઉમદા વસ્ત્રો જોઇએ તેવાં ઉમદા વસ્ત્રો મારી પાસે નથી, માટે આપ કામરૂદેશમાં જઇ ત્યાંના રાજાની પાસેથી રત્નકંબળ લઇ આવો. તેની કિંમત સવાલક્ષ રૂપિયા થાય છે. તે લઇ આવો એટલે પછી આપની સાથે કામક્રીડા કરવાને આ દાસી તૈયાર છે.'

કોસ્યાના વચન સાંભળી કામને વશ થયેલા મુનિ કામરૂ (નેપાળ) દેશ તરફ જવા નીકળ્યા. અનેક પ્રકારની ઉપાધિ વેઠતા વેઠતા કેટલેક કાળે કામરૂદેશમાં જઇ પહોંચ્યા. રાજ્ય દરબારમાં જઇ રત્નકંબળની માગણી કરી; તે રાજા દરેક યાચકને રત્નકંબળ આપતો હતો તેથી આને પણ એક આપ્યું.

મુનિ તે રત્નકંબળ લઇ ઘણો પરિશ્રમ વેઠતાં વેઠતાં ચાતુર્માસની પૂર્ણાહુતિની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગલાગ કોશ્યાને મંદિર આવી પહોંચ્યા, અને કોશ્યાને તે વસ્ત્ર આપ્યું. કોશ્યાએ તે વસ્ત્ર લઈ સ્નાન કરતી વખત તેનાવડે શરીર લૂહીને તેને ગંધાતી ખાળમાં નાંખી દીધું. મુનિ તે જોઇને વિસ્મય પામી ગયા, અને બોલ્યા, "અરે કોશ્યા! જે વસ્ત્ર મેળવતાં મને અથાગ પરિશ્રમ વેઠવો પડ્યો છે, તે વસ્ત્ર તેં ગંધાતી ખાળમાં નાંખી દીધું, એ બહુજ ખોટું કામ કર્યું છે.' કોશ્યા ધીમેથી બોલી-'મહારાજ! અથાગ શ્રમથી પ્રાપ્ત કરેલું આપનું સંયમ કે જે અમૂલ્ય છે, તેને જેમાં મળમૂત્ર ભરેલા છે અને જેમાંથી નિત્ય દુર્ગંધી વહ્યા કરે છે, એવા આ ક્ષણિક સુખના સ્થાનમાં ફેંકી દેવાને આપ તત્પર થયા છો, તો તેની તુલનામાં તો આ સવાલાખનું વસ્ત્ર કાંઈ વિસાતમાં નથી. ગુરૂસેવનના પ્રયત્નથી અનેક પ્રકારનાં કષ્ટો વેઠીને જે આત્મજ્ઞાન આપે પ્રાપ્ત કીધું છે તે આત્મજ્ઞાનનું ફળ જો નિર્જીવ વિષયસુખજ હોય અને તેમાંજ જો આનંદ તથા તૃપ્તિ હોય તો અનેક પરિશ્રમે પ્રાપ્ત કરેલું આ વસ્ત્ર મને આનંદ આપી શકે! આપના બહુ કાળના સંયમને મુકાબલે આ વસ્ત્ર મેળવતાં પડેલો શ્રમ કંઇજ નથી, એવાં ઘણાંએ વસ્ત્રો મળશે, પણ હે દેવ! આપ એમ ધારો છો કે આપનું ગયેલું સંયમ પુનઃ પ્રાપ્ત થઇ શકશે? ગંધાતી ખાળ રૂપ આ દેહનો સંગ કર્યા પછી તે સંયમ પુનઃ પ્રાપ્ત થાય તેમ છે? આ દેહમાં શું ભરેલું છે કે જેના ઉપર આપ મોહિત થયા છો? અને પરમ વ્રતને ભસ્મ કરવા તૈયાર થયા છો? એ અનેક પ્રકારની ગંદકીથી ભરેલું છે, અનેક પ્રકારના રોગનું સ્થાન છે, એ દેહ એક કાળે બળીને ભસ્મ થનારો છે, એવા દેહના સંગથી થતા ક્ષણિક સુખમાં આપ આપનું બહુ કાળનું સંચિત કરેલું વ્રત હોમવાને તૈયાર થયા છો. હે મહારાજ! આપને આટલો બધો મોહ શાના પર થયો છે? મુખ પર, આંખ પર, કે નિતંબ પર. હું તો એક નરકની ખાણરૂપ છું. પુરૂષની કાન્તિનો નાશ કરનાર, બળને હરનાર, ભ્રાંતિ ઉત્પન્ન કરનાર અને સંગ કર્યા પછી પશ્ચાત્તાપ કરાવનાર એવા માયાવી સ્ત્રીના નાશવંત દેહ ઉપર સત્પુરૂષોને કદી પણ મોહ થતો નથી."

ગણિકાનાં આવાં વચનો સાંભળતાંજ ગુરૂપ્રતાપે મુનિને સ્વસ્વરૂપનું ભાન થયું. એ ક્ષણે તેને એટલો બધો પશ્ચાત્તાપ થયો કે આ અબળા નારી ગણિકા કે જેને કોઇ પણ જાતનો જ્ઞાનાધિકાર નથી તે મને ઉપદેશ કરે છે, મારા સ્વરૂપનું ભાન કરાવે છે. વાહ! ખરેખર એણે મને તાર્યો છે. દુર્ગતિના માર્ગમાં પડતાં બચાવ્યો છે. તેથી તે બોલ્યા-"હે કોશ્યા! તું આ વિષયસુખના અભિલાષી અને પતનના માર્ગ ઉપર ચઢેલા અલ્પ જીવની ગુરૂ છે. ખરેખર! તેં મને જે બોધ આપ્યો છે તે મારા ગુરૂએ આપેલા બોધને ટેકો આપે છે. કામ અજીત છે, તેને જે જીતે છે તેજ શુદ્ધ સાધુ-સત્ય મહાત્મા છે-તેજ સર્વ માયાને તરી ગયા છે. સ્ત્રીના સૌંદર્યમાં મુગ્ધ નહિ થનારો ખરો યોગી છે, ખરેખરો આત્મજ્ઞાની છે. હે કોશ્યા! તેં મને જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તમ બોધ આપ્યો છે તેથી તારી જરૂર સદ્ગતિ થશે" મુનિનો અહંકાર ગળી ગયો. સ્થૂલિભદ્રજીની શ્રેષ્ઠતાને તે જોઇ શકયા.

પાંચ, દશ દિવસમાં ચાતુર્માસ પૂર્ણ થયું, તેથી જે અહંકારવૃત્તિનાં રજકણો ભરાયાં હતાં તેનો ત્યાગ કરીને તે ગુરૂ પાસે આવ્યા અને બોલ્યા કે–"હે ગુરૂદેવ! સર્પના રાફડા પર, કુવાના મંડાણ પર અને સિંહની ગુફા પાસે ચાતુર્માસ રહેવું સહેલું છે, પણ નારીના મોહપાસમાં સુરક્ષિત રહેવું તે મહા કઠિન છે. કામ ખરેખર અજીતજ છે, તે કોઇનાથી જીતી શકાતો નથી. સ્થૂલિભદ્રજીએ તેને જીત્યો, માટે તે અમારા ત્રણેના ગુરૂ છે અને વંદન કરવા યોગ્ય છે." આ પ્રમાણે સાંભળીને ગુરૂ બોલ્યા:–"હે પરમ વિવેકી શિષ્ય! આ જગતની મોહજાળમાં ફસાવાનું મુખ્ય સ્થાન કામજ છે, અને જે કામને જીતે છે તેજ જગત આખાને જીતે છે. હે વત્સ! તારી સદ્વૃત્તિ થયેલી જોઇ મને પૂર્ણ સંતોષ થયો છે."

**અમીચંદ કરશનજી શેઠ..**
સ્કુલમાસ્તર વિશળ હડમતીયા–જુનાગઢ.

## પરનારી ત્યાગ કરવા વિષે.

( રાગ–પુનમચાંદનીનો. )

સુણો ચતુર સુજાણ મારા વાલમારે, કરો નહિં કદી પરનારીથી પ્યાર; સુણો૦
**સાખી–** છોડો તાજી સુખડી, કરો એકથી સંગ;
પરનારીની પ્રિતડી, જાણો રંગ પતંગ.
મીઠી વાણી સુણી નહિ ફસાશો નાથજીરે, કાળી નાગણ સરખી જાણજો પરનાર, સુણો૦ ૧
**સાખી–** લંપટ શીલભંગી નરો, પામ્યા અંતે નાશ;
લાજહીન થઇ જગતમાં, કર્યો નરકમાં વાસ.
કીચક જેવા નરને ભીમે પથ્થરે દાબીયોરે, રાવણ ભૂપ પામ્યો દુઃખના અંબાર, સુણો૦ ૨
**સાખી–** મુંજરાજ નરકે ગયો, બાંધી મોટાં પાપ;
અપયશ લીધો જગતમાં, પામ્યો બહુ પરિતાપ.
માટે પરનારીથી સદા રહો વેગળારે, જેથી પામો સુખ જગતમાં અપાર. સુણો૦ ૩
**સાખી–** પળપળમાં વાદળતણો, ફરી જાય છે રંગ;
તેવી પ્રિત પરનારની, સમજી કરો ન સંગ.
હંસ પક્ષી સારાં મોતીવિણ ચણશે નહિરે, તેવી વૃત્તિ રાખો દીલની મોઝાર. સુણો૦ ૪
**સાખી–** વિષધર પુલમાળા બને, પાવક શીતળ થાય;
વિષમાંથી અમૃત બને, સિંહ કદી ખડ ખાય.
નહિ થવા જેવું થાય કદાપિ ખલકમાંરે, તોયે સગી નહિ થાયે પરનાર. સુણો૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાખી— સુગંધ કેરી લાલચે, ભ્રમર તજે છે પ્રાણ;
પતંગીઓ દીપ મોહથી, પામે તનની હાણ.
જે નર ઇંદ્રિયોને કાબુમાં નહિ રાખશે રે, તે નર દુઃખ પામી થાયે ખુબ ખુવાર. સુણો૦ ૬
સાખી— માખણ નીકળશે નહિ, વલોવતાં ખુબ નીર;
કોડ ઉપાય કરી જુઓ, કાગ બને નહિ કીર.
એવું સમજી કદી નહિ કરશો મારા વાલમા રે, સુરઇંદુ કહે પરનારીથી પ્યાર. સુણો૦ ૭

**અમીચંદ કરશનજી શેઠ.**
સ્કુલમાસ્તર વિશળ હડમતીયા–જુનાગઢ.

# સ્ફુટ નોંધ અને ચર્ચા.

અમારા આ અંક સાથે વિક્રમ તથા વીર સંવતનું વરસ સંપૂર્ણ થાય છે. આજન્મોપકારી તીર્થપ્રવર્તક શ્રીમન્ મહાવીરસ્વામીરૂપ ભાવઉદ્યોતનો નાશ થવાથી દેવોએ દ્રવ્યદીપકો કરી આ પર્વનું **દીવાળી** નામ પાડ્યું છે. આ હકીકત સુવિદિત છે. આ સમય વ્યાપારીઓ અને આખી હિંદુકોમ આનંદથી પસાર કરે છે. યથાશક્તિ ધનવ્યય કરી ઘેર તથા બજારમાં દીવાઓ કરી આ પર્વનો આનંદ પ્રદર્શિત કરવામાં આવે છે; વળી સરસ્વતીપૂજનપૂર્વક વ્યાપારીઓ આગલા વર્ષનાં નામાં તપાસી પાછલા વરસના સરવૈયાં કાઢે છે, અને લાભસવાયાની ગણત્રીથી નવા વરસનાં મેળ દોરાય છે. એક દુકાનદાર તરીકે જેમ આ કાર્ય જરૂરી અને ઉપયોગી છે, તથા જેવી રીતે નામું ચોખવટથી નહીં રાખી, સરવૈયા નહિ કાઢનારા વ્યાપારીનાં પછવાડેથી ઘણી વખત ભોપાળાં ( દીવાળાં ) નીકળતાં નજરે આવે છે, તેવીજ રીતે એક કોમ તરીકે પ્રતિવર્ષનું સરવૈયું કાઢવાની જૈનકોમને પણ તેટલીજ જરૂર છે. વ્યાપારી સવાયા થાય તો સંતોષાય છે-તેવી માન્યતા રાખવામાં આવે છે, અને તેજ વ્યાપારીની શાખ વધે છે, તેવીજ રીતે નવા વર્ષનો મેળ દોરતાં ગત વર્ષમાં કોમમાં પણ લાભસવાયા થયા ખરા કે નહિ ? થયા તો કેવી રીતે કઇ કઇ દિશામાં થયા ? ખોટ તો કાંઇ થઇ નથી કે ? તેવી રીતે કોમની બાબતમાં અગ્રેસરોએ વિચાર કરવાની, સરવૈયાં કાઢવાની જરૂર છે. આવી રીતે જે જે ખાતાઓનાં–જે જે કોમોનાં સરવૈયા કઢાય–તેના ઉપર ઉહાપોહ થાય–ખોટ ખાતું હોય તો તે ખાતાને સુધારવાનો વિચાર થાય–તેજ કોમ આખર સુધી ટકી શકે છે–ઉન્નતિપદ પામી શકે છે. દરેક કોમ ધાર્મિક, સાંસારિક, નૈતિક, શારીરિક, સામાજિક, રાજકીય અને કેળવણીના વિષયમાં કેટલી આગળ પ્રગતિ કરે છે તેનો વિચાર કરવાથી તે કોમની સત્ય દશા સમજાય છે. જૈનકોમનું વિસ્તારથી આવી બાબતોનું સરવૈયું નીકળવાની જરૂર છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આસો શુદિ ૭થી આસો શુદિ ૧૫ સુધી આંબેલની ઓળીના–શ્રી નવપદજીની આરાધનાના દિવસો ગણાય છે. તે શાશ્વતી અઠ્ઠાઈના દિવસો છે. મહામંત્ર–પરમ સાધન કરાવવામાં સત્વર સહાયક નવકાર મંત્ર છે, અને શ્રી નવપદજીની આરાધનામાં તેજ મંત્રની આરાધના છે. આ દિવસના યોગ બધી રીતે બહુ ઉપયોગી અને વિચારણીય છે. આ દિવસોમાં આંબિલ વ્રત કરવામાં આવે છે, તેથી ધાર્મિક શારીરિક અને સામાજિક બહુ લાભ છે. અને શરદ્ઋતુ અને શીતની ઋતુનો આ સંધિકાળ છે. તાવનાં વાયરાં દરેક વરસ આ ઋતુમાં બહુ ફેલાયેલાં હોય છે. તેવે વખતે ઘૃતાદિક રસપદાર્થના નવ દિવસ પર્યંત ત્યાગથી આહારાદિકની અલ્પતા થાય છે, તેથી શરીરને શાતા રહે છે, રોગ તેનાથી દૂર રહે છે, પૂર્વોત્પન્ન ઉપાધિ શમી જાય છે, આ શારીરિક લાભ છે. તપસ્યાથી નિર્જરા થાય તે તો સુવિદિત હોવાથી ધાર્મિક લાભ સ્પષ્ટ છે. આ ઉપરાંત એક બાબત બહુ વિચારવા જેવી છે. હિંદુ દેવોનાં ઘણા સ્થળોમાં, તેમાં પણ ખાસ કરીને કાળી, અંબિકા, ચંડિકા વિગેરે રૌદ્ર દેવીઓનાં અને દેવતાઓનાં સ્થળોમાં આસો શુદિ ૮થી શુદિ ૧૫ સુધી હવન–હોમ–યજ્ઞાદિક થાય છે, અને પશુઓનો વધ કરવામાં આવે છે. સુધરેલા જમાનામાં પશુવધનાં કાર્યો ઓછાં તો થયાં છે, પણ બંગાળા વિગેરે દેશો કે જે સ્થળે શ્રીમન્ મહાવીરસ્વામીના વખતમાં અને ત્યાર પછી પણ જૈનધર્મ ઘણો ફેલાયેલો હતો ત્યાં તો કાળી, દુર્ગા વિગેરે દેવીઓના ભોગ માટે સેંકડો પશુઓનો વધ હજુ પણ થાય છે, અને માંસાદિકના ભક્ષણમાં, મદ્યપાનમાં અને ગરબીના–નોરતાના દિવસોમાં વિશેષ આનંદથી ખેલવામાં–રાચ્યા માચ્યા રહેવામાં આવે છે; તેવે સમયે આ સામાજિક દૂષણ નિવારી તો ન શકાય, પણ તે તરફ તિરસ્કાર દર્શાવવા, અને દુનિયાની અધમતાનો ખ્યાલ કરતાં અનુભવાતી વૈરાગ્ય વૃત્તિને પોષવા આવા સમયમાં થોડા વખત માટે જીવદયા પ્રતિપાળનું બિરૂદ ધરાવનાર જૈનકોમ રસાદિકનો ત્યાગ કરી થોડા વખત માટે શારીરિક કષ્ટ સહન કરે તે એક ખરેખર આનંદ ઉપજાવનારૂં–તે ધર્મના પ્રણેતાઓની વિશાળ–દયાળુ દૃષ્ટિ દેખાડનારૂં કાર્ય છે. જૈન બંધુઓ આવાં ઉત્તમ ફળ દેનારા અને આરોગ્યતા પ્રાપ્ત કરાવનારા વ્રત–નિયમો પ્રતિ ઓળીના દિવસોમાં વિશેષ વિશેષ ઉજમાળ રહેશે તેવી આશા રાખવામાં આવે છે.

* * * *

"મુંબઇમાં કાળો કહેર" એ મથાળા નીચે આવતાં લખાણો દરેક વર્તમાનપત્ર વાંચનારાઓએ સારીરીતે વાંચ્યા છે. મુંબઇમાં ઈન્ફ્લ્યુએન્ઝા નામથી ઓળખાતા તાવે કાળો કહેર કર્યો છે. ૮૦ની ચાલુ મરણ સંખ્યા વધીને દશ ગણી થઇ ગઈ હતી. મુંબઇના મરણ પ્રમાણમાં બીજી કોમના મરણ પ્રમાણો કરતાં જૈનોનું મરણ પ્રમાણ ઘણું વધારે આવતું હતું તે આંકડાઓ ઉપરથી સમજાય છે. જૈનોનાં રહેવાનાં સ્થળો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં મુખ્ય સ્થળ ખલાસી ચકલો અને તેની આજુબાજુની ગલીઓ છે. આ સ્થળોમાં હવા પ્રકાશની બહુ ઓછી છુટ છે, વળી તે બાજુની ગટર બહુ ગંધાતી અને જલદીજ આવા રોગનાં જંતુઓનો ફેલાવો કરાવનારી છે. મુંબઇના ધનાઢ્ય ગૃહસ્થોએ થોડાજ વખતમાં જૈન કોમની મદદે આવી એક મોટા પાયા ઉપર હીરાબાગમાં જૈન હોસ્પીટલ ખોલી હતી, અને દરદીઓને તેનાથી બહુ આરામ મળ્યો છે. હજુ પણ મુંબઇમાં અને જરૂર હોય તેવે સ્થળે પરદેશમાં દવા વિગેરેની સહાય તે સ્થળેથી મોકલવામાં આવે છે. આવા કાર્યમાં તન, મન, ધનથી કાર્ય કરનારા સખી ગૃહસ્થોને અનેકશઃ ધન્યવાદ ઘટે છે, પણ તે સાથે આ હોસ્પીટલથીજ સરતું નથી. ભવિષ્યમાં જૈનો વધારે સ્વચ્છ હવાપ્રકાશવાળા, આરોગ્યદાયી સ્થળે રહી શકે તેવી સસ્તા ભાડાની ચાલીઓ મુંબઇમાં તાકીદે બંધાવવાની જરૂર છે. ભવિષ્યમાં આવા રોગથી જૈન કોમનો નાશ થતો તોજ અટકાવી શકાશે. આ ઉપકારનું ઉપયોગી કાર્ય તાકીદે ઉપાડી લેવાની અને અમલમાં મુકાવાની જરૂર છે. આવું મરણ પ્રમાણ જોતાં સંસારની અનિત્યતા પણ દૃષ્ટિએ આવે તેવું છે. એક કે બે દિવસના વ્યાધિમાં ઘણા માણસોનાં મરણો થયા છે. આ અસાર સંસારમાં કયાં સ્થિરતાથી રહી શકાય તેવું છે તેની માલુમ પડતી નથી. જેમ તે બંધુઓ આ ફાની દુનિયા છોડી ચાલ્યા ગયા તેમ પછવાડે રહેનાર દરેકનો અવશ્ય એક વખત વારો આવવાનોજ છે, તેમાં જરાપણ અનિશ્ચિતતા નથી. ગમે ત્યારે છોડી જવાની લક્ષ્મીનો કોમ માટે સદ્વ્યય તેજ તેનું સાર્થક્ય છે. જૈન બંધુઓ આ બાબત અવશ્ય લક્ષમાં રાખી કોમને આ ભયંકર દુષ્કાળમાં, અસહ્ય મોંઘવારીમાં અને અન્ય ઉપયોગી બાબતોમાં જરૂર સહાય કરવા બહાર પડશે તેવી આશા છે. લક્ષ્મીની અસ્થિરતા ત્યારેજ સમજી ગણાશે.

* * * *

જેવી રીતે મુંબઇમાં તેવીજ રીતે કાઠીઆવાડ–ગુજરાતના દરેક ગામમાં અને શહેરોમાં અને આખા હીંદુસ્તાનમાં સર્વત્ર ઇન્ફલ્યુએન્ઝા તાવે ઘણો ઉપદ્રવ કર્યો છે. ઘણા યુવાનો, અને ખાસ કરીને યુવાન્ સ્ત્રીઓ અને બાળકો આ ઝેરી તાવના બહુ ભોગ થઇ પડ્યા છે. સારાં શરીર ધરાવનારાં ઘણાં મનુષ્યો ચોવીશ અને અડતાળીશ કલાકમાં મૃત્યુવશ થયા છે. આવા આવા પ્રત્યક્ષ દાખલાઓ નજરે પડે છે, છતાં મનુષ્યો–પછવાડે રહેલાં મનુષ્યો તો જાણે કે ગત થયા તે ગયા, અને પોતાને તો મૃત્યુ આવવાનુંજ નથી તેવી રીતનું વર્તન શા ઉપર રાખતા હશે ? અત્રસ્થ મનુષ્યોથી કરાતા દગાપ્રપંચ, છેતરપીંડી, અસત્ય ભાષણ, હિંસા, ચોરી, મૈથુનસેવન, તથા પ્રબળ કષાયો જોઇને તથા આચરવામાં આવતાં દુષ્કૃત્યો જોઇને સહૃદય પુરૂષોને તો બહુ ખેદ થાય છે. ધર્મ અને

For Private And Personal Use Only

તે બંધુ માટે અમને ખેદ, દિલગીરી અને આશ્ચર્ય થાય છે. આવા ભાષણોની નોંધ લેવાથી પણ કશો ફાયદો નથી તેવી અમારી માન્યતા છે, છતાં કોમની પ્રગતિ ઈચ્છતા ભાષણશ્રેણિ ચલાવનારા બંધુઓનું લક્ષ ખેંચવા માટેજ આ નોંધ લેવાની જરૂર પડી છે.

* * * *

જાણીતા લેખક **મી. જેમ્સ એલન** એક સ્થળે લખે છે કેઃ—"બાળકને જેવી રીતે એક જ જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે ચાલતાં શીખવું પડે છે, તેમ મનુષ્યોને આત્મશ્રદ્ધા શીખવી પડે છે. પોતાને માટે વિચારવાની, ન્યાય કરવાની, તેમજ કાર્ય કરવાની જરૂર છે. બાહ્ય ચીજોમાં અસ્થિરતા, વિનાશ અને જોખમ છે; અંતરમાં સલામતી, સુખ અને આનંદ છે. આત્મા પોતાથીજ સંપૂર્ણ છે. તમારો પોતાનો અનંત વાસો અંતરમાંજ છે. ત્યાં જાઓ અને તમારા પોતાના રહેઠાણનો કબજો લ્યો. ત્યાં તમે રાજા છો, અન્ય સ્થળે તમે તાબેદાર છો. તમે તમારા ઉપર મજબુત રાજ્ય ચલાવો છો કે નહિ એ તપાસી તેની પરીક્ષા કરો. વિશ્વનું અને તમારૂં ભલું તેમાં સમાયેલું છે. તમારે હૃદય છે, તેની પાછળ ચાલો. તમારે મન છે, તેને પવિત્ર બનાવો. તમારી પાસે ન્યાય છે, તેનો ઉપયોગ કરો. તમારે ઇચ્છા છે, તેને કામે લગાડો અને સુદ્રઢ બનાવો. તમારામાં જ્ઞાન છે, તેને ખુબ ખીલવો. તમારા અંતરમાં પ્રકાશ છે, તેને તપાસો અને ઉત્તેજીત કરો. વાસનાઓના મોજાં સામે તમે સંભાળજો. જગતને છોડી દો, અને તમારી પાસે આવો. એક મનુષ્ય તરીકે વિચાર કરો, કાર્ય કરો અને તમારૂં જીવન તદનુસાર ગાળો. તમારા અંતરમાં શાહુકાર બનો. તમારા હૃદયમાં અમર સુકાન મેળવો અને તેનેજ અનુસરો. તમારા પોતામાં જ આત્મશ્રદ્ધા રાખો. તમે તમારી પોતાની જાતને જ જો ઠગશો અને તેનાથી ડરશો તો તમારામાં વિશ્વાસ કોણ મૂકશે? તમારી જાતને માટે તમે ખોટા થશો તો સત્યનો પરમ સંતોષ ક્યાંથી મેળવશો?" આત્મશ્રદ્ધા, આત્માનુસરણની કેવી જરૂર છે તે ઉપરનું વાકય બહુ સારી રીતે દેખાડે છે. આવી રીતે આત્મશ્રદ્ધા રાખનારનો જ આખરે જય થાય છે, અને તેજ પરમ પદ મેળવી શકે છે.

* * * *

રજપુતાનાના હાલના એજંટ ટુ ધી ગવર્નરે આબુજીના પવિત્ર દેરાસરમાં બુટ સાથે પ્રવેશ કરીને જૈન વર્ગનાં મન દુખાવ્યા સબંધી હકીકત અમે પ્રથમ જાહેર કરી ગયા છીએ. તે બાબત અનેક સ્થળેથી નામદાર વૉઈસરાય ઉપર તારો ગયા હતા. તેને પરિણામે આચાર્યશ્રી વિજયધર્મસૂરિને તે અમલદારે હાલમાં પત્ર લખી આ કાર્ય ન માટે પોતાનો ખેદ જણાવ્યો છે અને પોતાને [illegible] અને આપણા મેનેજરે ખરી હકીકત સ્ફુટ રીતે જણાવી નહોતી એવો બચાવ કર્યો છે. [illegible] બોર્ડ ઉપર નોટીસ ચોડેલી છે તેની ઉપર પણ ધ્યાન ખેંચવામાં આવ્યું હતું. ખેર! હવે ફરીને આમ ન બને એવું આપણે ઈચ્છીએ છીએ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# खेदकारक मृत्यु समाचार.

## બે મુનિરાજના ખેદકારક સ્વર્ગવાસ.

### ૧ મુનિરાજશ્રી ભક્તિવિજયજી.

આ મુનિ શ્રીમાન આત્મારામજી મહારાજના પરિવારના અને પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજના શિષ્ય હતા. ભાવનગર નજીક કોળીયાક ગામે ચાતુર્માસ રહેલા હતા, ત્યાં તેમને સોજા, શ્વાસ અને અન્ય અસહ્ય વ્યાધિઓ થઈ જવાથી નિરૂપાયે ભાવનગર લઇ આવવાની જરૂર પડી હતી. ભાવનગર આવ્યા બાદ કાંઈક શાંતિ દેખાતી હતી, પરંતુ અંદરના ભાગમાં અશાંતિ–વ્યાધિ વૃદ્ધિ થતી હોવાથી ભાવનગર પધાર્યા બાદ માત્ર બાર કલાકેજ આસો શુદિ ૩ ની રાત્રીના ૧૦ કલાકે હૃદય અટકી જવાથી દેહ તજી દીધો છે. ભાવનગરના શ્રીસંઘે તેમની અંતસમયની ભક્તિ બહુ શ્રેષ્ઠ રીતે કરી છે, પરંતુ તેમને આરામ પ્રાપ્ત કરાવવાની શ્રીસંઘની ઇચ્છા પૂરી પાડી નથી. એ મુનિ સ્વભાવે શાંત, માયાળુ, અન્યની સંભાળ લેવામાં સમાધાની જાળવવામાં અહર્નિશ તત્પર અને ચારિત્ર પાળવામાં સાવધાન હતા. દીક્ષા પર્યાય પણ લગભગ ૩૦ વર્ષનો હતો. એમનો આમ એકાએક અભાવ થવાથી શ્રીસંઘને ઘણી દિલગીરી થઇ છે. તેમના શિષ્ય મુનિ જસવિજયજી એકલા થઈ ગયા છે, ચાતુર્માસ ઉતર્યે તેઓ વડીલગુરૂની સેવામાં જશે. અમે તેમને અંતઃકરણથી દીલાસો આપીએ છીએ.

### ૨ આચાર્યશ્રી વિજયકમળ સૂરિ. (બીજા)

આ આચાર્ય શ્રીમાન સુખચંદજી મહારાજના શિષ્ય હતા અને પંન્યાસ કમળવિજયજીના નામથી પ્રસિદ્ધ હતા. હમણાજ સૂરિ થયા હતા. તેઓ બારડોલી ખાતે ચાતુર્માસ હતા. તેમણે બહુ સ્વલ્પ દિવસોની માંદગીમાં આસો શુદિ ૧ મે પૂર્ણ શુદ્ધિમાં નમસ્કાર મંત્રનું સ્મરણ કરતાં મનુષ્યદેહ તજી દીધો છે. એઓ પણ ૩૦ વર્ષ ઉપરાંતના દીક્ષા પર્યાયવાળા, બાળ બ્રહ્મચારી અને સદ્ગુણી હતા. સાધુ સાધ્વીનો મોટો પરિવાર ધરાવતા હતા. તેમના શિષ્યો પૈકી ૪ તો પંન્યાસપદ ધારક છે. સાથે પં. લાભવિજયજી હતા. તેમણે સારી રીતે ગુરૂસેવા કરી છે અને બારડોલીના શ્રી સંઘે નિર્વાણક્રિયા બહુ સારી રીતે કરીને ગુરૂભક્તિ પ્રદર્શિત કરી છે. હાલમાં ચાલતા દુષ્ટ જ્વરે આ મહા પુરૂષના દેહનો ગ્રાસ કર્યો છે. કાળની વિષમતાનું એ લક્ષણ છે. અમે તેમના પરિવારના મુનિજનોને ગુરૂમહારાજને પગલે ચાલી તેમના જેવી શાંતિ સમાધાની રાખવા અને બહોળા પરિવારને યથાયોગ્ય સંભાળવા વિનંતિ કરીએ છીએ.

For Private And Personal Use Only